**સુવિચાર**

સ્વસ્થતા એ આપણને મળતી સર્વોત્તમ ભેટ છે !

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૮/૦૭/૨૦૨૫, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ્ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિ ૐ
PENDAWALA
વાટીદાળના ખમણ
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પલેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ અષાઢ વદ-૮ વર્ષ : ૧૬ અંક : ૧૮૬

## વર્ષોથી દબાણનાં કારણે વોકળામાં પાણીની અવરજવરમાં વિક્ષેપ હતો

# બાબરાનાં વોર્ડ-૫ માં પાકા બાંધકામવાળુ દબાણ દૂર કરાયુ

**સ્થાનિક નગરસેવક અને રહેવાસીઓએ દબાણ હટાવવા પાલિકામાં રજૂઆત કરતાં કાર્યવાહી કરાઈ**

**દબાણકર્તાએ પાલિકા દ્વારા અપાયેલ નોટિસ બાદ સ્વૈચ્છાએ દબાણ ન હટાવ્યું**

**અંતે પાલિકાએ પોલીસ બંદોબસ્ત સાથે દબાણ હટાવવાની કામગીરી કરી**

**દબાણ દૂર થતાં સ્થાનિકોએ ખૂશી વ્યક્ત કરી**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૧૭
બાબરા શહેર વોર્ડ નંબર પાંચમાં આજે સ્થાનિક નગરપાલિકા દ્વારા પોલીસ બંદોબસ્ત સાથે મુસ્લિમ પરિવારે કરેલું પાકા બાંધકામવાળું દબાણ હટાવવા જે.સી.બી. ચલાવ્યું હતું. જોકે તે પરિવારે પોતાને રજુઆત માટે પુરતો સમય નહિ મળ્યાનો વસવસો જણાવ્યો હતો.
મળતી વિગત મુજબ આજે બાબરા વોર્ડ નંબર પાંચમાં રહેતા અમીનભાઈ અહેમદભાઈ ગોગદા નામક વ્યકિત દ્વારા પાણીના વોકળા ઉપર અડચણ રૂપ દબાણ કરેલું હોવાનું નગરપાલિકા વોર્ડ પાંચના સદસ્યો તથા

અનુસંધાન પાના ૬ ઉપર

### જિલ્લા પોલીસ વડાની સુચનાથી

## વડિયા પંથકમાં અસામાજીક તત્વોનાં આવાસોમાં વીજચોરી બાબતે ચેકિંગ

**બે ઈસમોને ત્યાંથી વીજચોરી ઝડપાઈ**



તસ્વીર : દિવ્યાંગગીરી ગોસાઈ-વડિયા

વડિયા, તા. ૧૭
સમગ્ર રાજયમાં હાલ અસામાજિક તત્વો સામે રાજયના ગૃહ વિભાગ દ્વારા લાલ આંખ કરી કાર્યવાહી કરવામાં આવી રહી છે. અમરેલી

અનુસંધાન પાના ૬ ઉપર

### ૨ બાઈક સામસામે અથડાતા

## લુવારીયાથી આસોદર વચ્ચેનાં માર્ગ ઉપર બાઈક સવાર આધેડનુ મોત

**ઈંગોરાળા ગામનાં અનવરભાઈ શેખનુ મૃત્યુ થયુ**

અમરેલી, તા. ૧૭
લાઠી તાલુકાના લુવારીયા ગામથી આસોદર ગામ વચ્ચે રોડ ઉપર બે મોટર સાયકલ સામ સામે અથડાતા ઈંગોરાળા ગામના આધેડનું ગંભીર ઈજા

અનુસંધાન પાના ૬ ઉપર

### યમરાજ પહોંચી ગયા બાદ વર્ષો પછી પોલીસ પહોંચી

## અમરેલીમાં ૩૦ વર્ષ પહેલા ગુન્હો કરી નાસતો ફરતો આરોપી ૧૮ વર્ષ પહેલા મરણ પામ્યો

**સિટી પોલીસે નાસતા-ફરતા આરોપીનાં લીસ્ટમાંથી નામ રદ કર્યુ**

અમરેલી, તા. ૧૭
અમરેલી સીટી પોલીસ સ્ટેશનના છેતરપીંડી, વિસઘાતના ગુન્હામા છેલ્લા ૩૦(ત્રીસ) વર્ષથી નાસતા-ફરતા આરોપીની તપાસ હાથ

અનુસંધાન પાના ૬ ઉપર

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્‌લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી.
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
88,500/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૭/૦૭/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬



## નાના એવા ગામમાં પર્યાવરણ બચાવવા જબરદસ્ત કામગીરી કરાઈ

# અરે વાહ : નેસડીમાં ૧૫ હજાર વૃક્ષોનું ''કવચ વન'' બનાવાયું

''એક પેડ મા કે નામ'' અંતર્ગત તૈયાર થયેલ કવચ વનનું ધારાસભ્ય કસવાલાનાં હસ્તે થયું લોકાર્પણ

પૂ. લવજીબાપુએ ઉપસ્થિત રહીને ''કવચ વન'' બનાવવા બદલ શુભકામના પાઠવી

૧.૫ હેકટર વિસ્તારમાં ૧૫ હજાર વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું

જિલ્લા તેમજ દેશનાં દરેક ગામોમાં ''કવચ વન'' બને તો બેડો પાર




સાવરકુંડલા, તા. ૧૭

દેશનાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ધ્વારા એક પેડ માં કે નામ અંતર્ગત સાવરકુંડલા-લીલીયા વિધાનસભાનાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલાનાં હસ્તે પૂ. લવજીબાપુની ઉપસ્થિતિમાં નેસડી ગામે કવચ વન લોકાર્પણ કરવામાં આવ્યું. આ ''વન કવચ'' પ્રોજેકટ હેઠળ કુલ ૫ એકર જમીનમાં ૧૫,૦૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું, વન વિભાગનાં ઉત્તમ પ્રયાસથી નેસડી, કરજાળા અને સાવરકુંડલા શહેરની નજીક ગ્રીન આવરણમાં મોટો વધારો કરવામાં આવ્યો છે. જેના કારણે આ વિસ્તારમાં શુધ્ધ હવા અને ગ્રીન કવચનાં કારણે ઓકિસજન સાથે તાપમાનમાં ઘટાડો પણ થશે. આ કવચ વન લોકાર્પણ કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, શહેર ભાજપ પ્રમુખ અનિરૂધ્ધસિંહ રાઠોડ, તાલુકા ભાજપ પ્રમુખ રજનીભાઈ ડોબરિયા, નાયબ વન સંરક્ષક સામાજિક વનીકરણ વિભાગનાં ભારાઈ મેડમ, આરએફઓ બી.ડી. ચાંદુ, જંગલ ખાતાના અધિકારીઓ તેમજ સાવરકુંડલા તાલુકા અને શહેર ભાજપનાં હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા.

### ડિસ્ટ્રીકટ એન્ફોર્સમેન્ટ સ્કવોર્ડ ટીમ દ્વારા

## અમરેલીમાં તમાકુનાં વેચાણને લઈને આકસ્મિક તપાસ હાથ ધરાઈ

૧૭ કેસ નોંધીને ૩૧૦૦ દંડ વસુલાયો



અમરેલી, તા.૧૭

જિલ્લાતમાકુનિયંત્રણસેલ-આરોગ્ય શાખા, પોલીસ વિભાગ, પ્રાથમિક તેમજ માપ્રયમિક શિક્ષણ વિભાગ, એસ.ટી. વિભાગ અને ખોરાક અનેઔષધનિયમનતંત્રનાસંયુકતટીમ દ્વારા તમાકુનું વેચાણ કરતા લારી ગલ્લા દુકાનો પર કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

''૧૮ વર્ષથી નાની ઉંમરનાંને તમાકુ વેચાણ કરવું દંડનીય અપરાધ છે.'' તેવું સૂચક બોર્ડ મૂકવામાં ન આવ્યું હોય તો તેવી શૈક્ષણિક સંસ્થાઓની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુનીબનાવટોનાવેચાણકર્તા, જાહેર સ્થળોએ તમાકુની બનાવટોનું સેવન કરનાર, ઈ-સિગારેટનુંવેચાણ, સંગ્રહ, ઉપયોગ કરનાર, તમાકુની બનાવટોની પ્રત્યક્ષ કે પરોક્ષ જાહેરાત આપનાર, નિર્દિષ્ટ આરોગ્ય વિષેયક ચિત્રાત્મક ચેતવણી વિના તમાકુની બનાવટોનું વેચાણ વગેરે અન્વયે આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી.

આ અંતર્ગત શહેરમાં સંકુલ રોડ, નાગનાથ બસ સ્ટેન્ડ, મોટા બસ સ્ટેન્ડ, લાઠીરોડ, કોલેજસર્કલ, બાયપાસ વિસ્તારમાં તમાકુ નિયંત્રણ અધિનિયમ -૨૦૦૩નીવિવિધકલમોહેઠળ ૧૭ કેસ નોંધવામાંઆવ્યાહતા, રૂ.૩,૧૦૦દંડની વસૂલાત કરવામાં આવી હતી તેમ અમરેલી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ એક યાદીમાં જણાવ્યુ છે.

## રાજુલામાં રીક્ષાનું ટાયર ખાડામાં ફસાતા બઘડાટી બોલી

અમરેલી, તા. ૧૭

મુળઉત્તરપ્રદેશનાવતનીઅને હાલ રાજુલા ગામે ખોજા મસ્જીદ પાસે વિરાણી કોમ્પ્લેક્ષમાં યુસુબભાઈ હુસેનભાઈ વિરાણીના ભાડાના મકાનમાં રહેતા અને ફર્નીચરની દુકાન ધરાવતા જુબેરખાન મહમદખલીલ ખાન નામના ૨૯ વર્ષિય યુવકની ઈન્ડીયન ફર્નીચરની દુકાને ગત તા. ૧૫ સાંજના આશરે સવા આઠેક વાગ્યાના અરસામાં મેરાજ હાજર હોય. તે વખતે તે જ ગામે રહેતા આરોપી સંજયભાઈ ગોબરભાઈ ચાવડા દુકાન આગળ રીક્ષા લઈને નીકળેલ અને યુવકની દુકાન આગળ ખાડો હોય તેમાં આરોપીની રીક્ષાનુ ટાયર ફસાય જતાં આરોપી રીક્ષા ઉભી રાખી નીચે ઉતરી મેરાજને ગાળો આપવા લાગેલ. જેથી તેને ગાળો આપવાની ના પાડતા આરોપીએ અલવીર નસીબભાઈ કુરેશી તથા અમીરખાન યુનુસભાઈ પઠાણને બોલાવી મેરાજ સાથે ઝગડો કરી એક જાપટ મારી દીધેલ અને ત્યારે યુવકત્યાં ગયેલ અને આરોપીને ઝગડો નહી કરવા સમજાવતા આરોપીએ કહેલ કે મેરાજને માર મારવો જ છે તુ શુ કરી લઈશ તેમ કહી ફરીવાર આરોપીઓએ મેરાજને બે-ત્રણ જાપટ મારી અને પ્લાસ્ટીકનો પાઈપ તથા લોખંડનો પાઈપ લઈ આવી સમજાવવા ગયેલ યુવકને પાઈપ વડે ડાબા હાથે કલાઈના ભાગે, વાંસાના ભાગે તથા ઉપરા ઉપરી બે ઘા માથાના ભાગે મારી ગંભીર ઈજા પહોંચાડયાની યુવકે ત્રણ સામે ફરિયાદ નોંધાવી છે.

### જિલ્લા પંચાયત ખાતે સાંસદ, ડીડીઓ અને કંપનીનાં સી.એસ.આર. હેડ વચ્ચે

## અમરેલી જિલ્લાને પ્લાસ્ટિક મુકત બનાવવા માટે અલ્ટ્રાટેક સિમેન્ટ કંપની સાથે એમ.ઓ.યુ.

ગ્રામ્ય વિસ્તારમાં સ્વસહાય જુથની બહેનોને કંપની વળતર ચુકવશે



અમરેલી, તા. ૧૭

જિલ્લા પંચાયત ખાતે પ્રમુખ જિલ્લા પંચાયત-વ-સાસંદ તેમજ જિલ્લા વિકાસ અધિકારીની રૂબરૂમાં નિયામક જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી તેમન અલ્ટ્રાટેક સીએસઆર હેડ વચ્ચે નીચે મુજબના કામો કરવા માટે એમ.ઓ.યુ.ની પ્રક્રિયાન હાથ ધરાઈ.

જિલ્લા ગ્રામ પંચાયત વિકાસ એજન્સી હસ્તકની સ્વચ્છ ભારત મિશન (ગ્રા) હેઠળ પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ હેઠળ સિંગલ યુઝ પ્લાસ્ટિકને પ્રતિબંધિત કરવા અને ઉપયોગમાં લેવાતા પ્લાસ્ટિકનો યોગ્ય, સુચારૂ અને વૈજ્ઞાનિક ઢબથી નિકાલ કરવા અર્થે ગ્રામ્ય કક્ષાએ બનાવવામાં આવેલ ૧૩૦ સેગ્રીગેશન શેડ પર સેગ્રીગેશન કરી પ્લાસ્ટિક કચરાને વિભાજન કરવામાં આવે છે. આ વિભાજનની કામગીરીમાં મિશન મંગલમ્ યોજના હેઠળની સ્વસહાય જૂથની સખી મંડળની બહેનોને સામેલ કરી કાચ અન મેટલ સિવાયનો તમામ કચરો રાજુલા અને જાફરાબાદ સ્થિત અલ્ટ્રાટેક સિમેન્ટ કંપની સાથે એમ.ઓ.યુ. કરવામાં આવ્યુ. આ એમ.ઓ.યુ. હેઠળ સિમેન્ટ કંપની દ્વારા સમયાંતરે કચરાની ખરીદી કરી મંડળની બહેનોને સિમેન્ટ કંપની દ્વારા વળતર ચુકવવામાં આવનાર છે.

આ ઉપરાંત નગરપાલિકા વિસ્તારની ૧૦ કી.મી.ની ત્રિજયામાં આવતા ગામોમાંથી નિર્મળ ગુજરાત ૨.૦ દ્વારા એજન્સી મારફત ડોર ટુ ડોર કચરાનું એકત્રીકરણ કરી નગરપાલિકાની ડમ્પિંગ સાઈટ પર કચરાનું એકત્રીકરણ કરવામાં આવે છે. તેવી કુલ ૧૭૪ ગ્રામ પંચાયતનો કચરો ૯ નગરપાલિકાની ડમ્પિંગ સાઈટ પર ઠલવાતો હોય ત્યાં પણ મિશન મંગલમ્ હસ્તકની સખીમંડળની બહેનો દ્વારા પ્લાસ્ટિક તેમજ અન્ય કચરો એકઠો કરી સિમેન્ટ કંપનીને વેંચાણથી આપવા બાબત પણ એમ.ઓ.યુ.માં સમાવેશ કરવામાં આવેલ છે.

આજદિન સુધી તમામ સખી મંડળની બહેનો દ્વારા કુલ ૩૫૪૧ કી.ગ્રા. પ્લાસ્ટિક એકત્રીત કરી જીલ્લામાં પ્લાસ્ટિક મુકિતનું અભિયાન શરૂ કરવામાં આવેલ છે.

### જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણીની ઉપસ્થિતિમાં

## અમરેલી જિલ્લાનાં અનૂસુચિત જાતિ સમાજના સામૂહિક પ્રશ્નોને લઈને મહત્વની બેઠક યોજાઈ

ખેતીની જમીનો, ઘરથાળનાં રહેણાંક હેતુનાં પ્લોટ સહિત બાબતે ચર્ચા કરાઈ



અમરેલી, તા. ૧૭

અમરેલી જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે અનુસુચિત જાતી સમાજના આગેવાનો સાથે સમાજના પડતર પ્રશ્નો અંગે અગાઉ થયેલ રજુઆતો તેમજ સામાજીક ઉત્કર્ષના મુદ્દાઓ બાબતે ચર્ચા વિચારણા સાથેની એક બેઠક જીલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણીના અધ્યક્ષ સ્થાને મળી હતી. આ બેઠકમાં વિવિધ મુદ્દાસર ચર્ચા કરવામાં આવેલ જેમાં ખેતીની જમીનો તેમજ શૈક્ષણિક સંસ્થાઓ માટે જમીન ફાળવણી તથા ઘરથાળના રહેણાંક હેતુના પ્લોટો, સામુહિક ખેતી મંડળીઓ, ટોચમર્યાદાઓ, સાથણી, ભૂદાન, જમીન માપણી કરવી, કબ્જા સોપવા જેવા અનેક પ્રશ્નો વર્ષોથી પેન્ડીંગ હોય તો આ બાબતે અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી તેમજ સાસંદ ભરતભાઈ સુતરીયા અને ધારાસભ્ય જે.વી. કાકડીયાની ઉપસ્થિતિમાં જીલ્લા અનુજાતિ મોરચાના પ્રમુખ કેશુભાઈ વાઘેલા, મહામંત્રી વાલજીભાઈ વિઝુડા, સંદીપ સોલંકી, પ્રદેશ અનુસુચિત મોરચાના સભ્યો વાઘજીભાઈ જોગદીયા, અરવિંદભાઈ મેવાડા, જિલ્લા પંચાયત સભ્ય મુકેશભાઈ બગડા, પ્રવીણભાઈ ચાવડા, મુકેશભાઈ મહીડા, લલીતભાઈ મારૂ, શાંતિલાલ પરમાર તથા ભારતીય જનતા પાર્ટીના સૌ આગેવાન કાર્યકર્તાઓ અને સમાજ અગ્રણીઓને સાથે રાખી અમરેલી જિલ્લા કલેકટરને કલેકટ કચેરીએ જઈ આ પ્રશ્નોનું સત્વરે હકારાત્મક નિરાકરણ આવે તે માટે રજૂઆત કરવામાં આવેલ તેમ અમરેલી જિલ્લા ભાજપ કાર્યાલયની અખબાર યાદીમાં જણાવેલ છે.


### દીપડવાવ નદીમાં ચારો ચરતી બકરીઓ ભયભીત

## સાવકુંડલાનાં આંબરડીમાં બકરાનાં ઝુંડમાં સિંહણે ત્રાટકીને ૩ બકરાનો કર્યો શિકાર

સીમ વિસ્તારમાં નાસભાગનો માહોલ ઉભો થયો

આંબરડી, તા. ૧૭

છેલ્લા લાંબા સમયથી આંબરડી ગામની સીમમાં વસવાટ કરતાં સિંહોનું ગ્રુપ ફરી એકવાર શિકાર માટે સક્રિય થયું છે. આજે સવારે ૧૦ વાગ્યાના અરસામાં વધારો કરી રહેલા બકરાના ઝુંડમાં સિંહણ ત્રાટકી ૩ બકરીનો શિકાર કરતા ફફડાટ મચી ગયો છે.



તસ્વીર : સુભાષ સોલંકી-આંબરડી

સાવકુંડલાના આંબરડી ગામે છેલ્લા ૨ માસથી ગામની સીમ વિસ્તારમાં વસવાટ કરી રહેલા સિંહોએ ગામમાં ઘુસી શિકાર કરવાનો સિલસિલો યથાવત રાખ્યો હોય તેમ આજે આંબરડી ગામના સુરાભાઈ ભરવાડ પોતાના બકરાનું ઝુંડ લઈ સીમ વિસ્તારમાં ચારો ચરવા લઈ જતા હતા ત્યાં જ ગામની બહાર દીપડવાવ નદી નજીકમાં ૩ બચ્ચાં સાથે એક ખૂંખાર સિંહણ ચારો ચરી રહેલ બકરાના ઝુંડમાં ત્રાટકતા ઝુંડમાં ભાગમભાગ મચી ગઈ હતી. જેમાં ૩ બકરીને સિંહણે મોતને ઘાટ ઉતાર્યા હતા. માલધારી સુરભાઈ ભરવાડના ૩ બકરાનો શિકાર થઈ જતાં વન વિભાગને જાણ કરતા ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. અને જરૂરી કામગીરી હાથ ધરી હતી.

ઉલ્લેખનીય છે કે આંબરડી ગામમાં અવારનવાર સિંહો રાત્રીના સમયે ગામની બજારમાં ઘૂસી આવી જઈ ગાયનો શિકાર કરે છે ત્યારે આજે સીમામાં ધોળે દિવસે સિંહોએ ૩ બકરાનો શિકાર કરતા માલધારીઓ, ખેડૂતો અને સીમમાં કામ કરતા મજૂરોમાં ફફડાટ વ્યાપી

## મિશન આત્મનિર્ભરની દિશામાં આગળ વધવા તાલીમાર્થીઓને મોટીવેટ કરવા માટે

# આઈટીઆઈનાં તાલીમાર્થીઓ માટે એન્ટરપ્રેન્યોરશીપ સ્કિલ એમ્પાવર્મેન્ટ સેમિનાર યોજાયો

**આઈટીઆઈનાં તાલીમાર્થીઓ રોજગારી પ્રાપ્ત કરનાર નહી રોજગારી આપનાર બને તેવું આયોજન**

**તાલીમાર્થીઓ માટે આકર્ષક A TO E કોર્નર ડિઝાઈન કરવામાં આવ્યું**

**A TO E સ્કિલ એમ્પાવર્મેન્ટ તાલીમ સેમિનારમાં ૫૦થી વધુ તાલીમાર્થીઓ જોડાયા**

**અમરેલીનાં કુંમ્સ કન્સ્ટ્રકશન એન્ડ સપ્લાયર્સ દ્વારા નવતર તાલીમ પ્રોગ્રામનું પ્રેઝેન્ટેશન કરાયું**




અમરેલી, તા. ૧૭

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એક સમયે જાહેર મંચ પરથી દેશનાં યુવાનોને સંબોધન કરતાં જણાવેલ કે, યુવાનો રોજગારી મેળવવા માટે નહી પણ રોજગારી અન્ય યુવાનોને આપે તે અત્યંત ઉત્તમ પરિસ્થિતિ છે અને યુવાનો ધારે તે કરી શકે છે એમ કહીને યુવાનોનો ઉત્સાહ વધારવાનો સુંદર પ્રયાસ કર્યો હતો અને બાદમાં દેશનાં તમામ ટેકનીકલ અભ્યાસ કરાવતી સંસ્થાઓ પણ પ્રધાનમંત્રીનાં સુચન મુજબ કાર્યરત બની છે.

જે અંતર્ગત અમરેલીની આઈ.ટી.આઈ.માં તાલીમી અભ્યાસ કરતાં ૫૦ જેટલા તાલીમાર્થીઓનો ઉત્સાહ વધારવા માટે કુંમ્સ કન્સ્ટ્રકશન એન્ડ સપ્લાયર્સ ધ્વારા નવતર તાલીમ પ્રોગ્રામ A TO E એન્ટરપ્રેન્યોરશીપ સ્કિલ એમ્પાવર્મેન્ટ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ આયોજન થકી મિશન આત્મનિર્ભરની દિશામાં આગળ વધવા તાલીમાર્થીઓને મોટીવેટ કરવા માટે A TO E કોર્નર ડિઝાઈન કરવામાં આવ્યું હતું અને તાલીમાર્થીઓ પોતાનો સફળ વ્યવસાય ઉભો કરી શકે તે માટે જરૂરી એન્ટરપ્રેન્યોરશીપ સ્કિલ એમ્પાવર્મેન્ટ માટે જરૂરી મહત્વનાં માધ્યમો વિશે માહિતી રજુ કરવામાં આવી હતી. આ નવતર પ્રયોગમાં ૫૦ થી વધુ તાલીમાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

### રાજુલા નજીક આવેલા

# બાબરિયાધાર-અમુલી-અખેગઢ જોલાપરી નદી પરનો બ્રીજ બંધ કરાયો

**તમામ પ્રકારનાં વાહનો માટે વૈકલ્પિક રૂટ જાહેર**

અમરેલી, તા. ૧૭

રાજુલાના બાબરિયાધાર, અમુલી, અખેગઢ રોડ, જોલાપરી નદી પર આવેલ મેજર બ્રીજનો છઠ્ઠા સ્પાનનો સ્લેબ જર્જરિત હોવાથી તેના પરથી પસાર થતાં તમામ પ્રકારના વાહનો માટે વૈકલ્પિક રૂટ અનુસરવા.

અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટએ ગુજરાત પોલીસ અધિનિયમ -૧૯૫૧ની કલમ ૩૩ (૧) (બી) હેઠળ જાહેરનામુ પ્રસિધ્ધ કર્યુ છે. જાહેર થયેલા વૈકલ્પિક રૂટ મુજબ વૈકલ્પિક રૂટ-૧ પરથી તમામ પ્રકારના વાહનોએ બાબરિયાધાર, મોટી ખેરાળી, છાપરી, ડોળીયા, માંડળ, મસુંદડા, અમુલીરોડ પરથી પસાર થવું.

વૈકલ્પિક રૂટ-૨ મુજબ તમામ પ્રકારના વાહનોએ બાબરિયાધાર, નવાગામ (મેરીયાણા), દાધીયા, હાડીડા, આસરાણા, અખેગઢ અમુલી રોડ પરથી પસાર થવું.

આ જાહેરનામુ, તા.૮ જુલાઈ, ૨૦૨૫થી નવો બ્રીજ ન બને ત્યાં સુધી અમલી રહેશે. હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ અન્વયે શિક્ષાપાત્ર ઠરશે.

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

સંજય ટાયર્સ સંજય ટ્રેડલીંક
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કુલ સામે, અમરેલી
સફારી પાર્ક, લાઠી બાયપાસ રોડ, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.
ટાયર-ટ્યુબ, ઓઈલ-ગ્રીસ, વ્હીલ પ્લેટ -ઘરા, જેક-ફીલ્ટર, બેટરી રીટેઈલ તથા હોલસેલ
કોમ્પ્યુટર રાઈઝ એલાઈમેન્ટ, બેલેનસીંગ, ઓટોમેટીક ટાયર ફીટીંગ, નાઈટ્રોજન એર, સર્વિસ ઉપલબ્ધ

YOKOHAMA CEAT JK TYRE MRF apollo EUROGRIP BRIDGESTONE GOODYEAR ALLIANCE MICHELIN Castrol HP TAPARIA BOSCH ASCENSO RUBBER KING JAINSON

ખુશ ખબર ખુશ ખબર ખુશ ખબર
સારા સમાચાર TATA AIA LIFE INSURANCE સારા સમાચાર
VACANCY Life Insurance Advisors
તમે પણ ભારતની ૧૫૦ વર્ષ જુની અને ભરોસાપાત્ર કંપનીની સાથે જોડાઈને કરી શકો છો એક નવી અને સારી આવકની શરૂઆત
જોડાઓ TATA AIA ની સાથે બનો Advisor અને મેળવો Commission + Fixed Income
Shree Balmukund Associates 99791 27664
Pramukh Vatika, Liliya Road, Amreli

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

મહાજન ઈ-સ્ટેમ્પ
લોકલ ફોર વોકલ ॥ જય પરશુરામ ॥ સુવિધા સાથે વિવિધતા
ઉપલબ્ધ સુવિધાઓ
CSC E-governance Services India Limited
E STAMP
પાનકાર્ડ | લાઈટ/ગેસ બીલ
પાસપોર્ટ | રેલ્વે/બસ/એર બુકીંગ
વાહન ઈન્શ્યોરન્સ | મની ટ્રાન્સફર
ફાસ્ટેગ | જીવન પ્રમાણપત્ર સર્ટી.
દરેક પ્રકારના રીચાર્જ | IT / GST રીટર્ન
વ્હાઈટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)
95 86 86 86 45

MARUTI SUZUKI ARENA
BREZZA WICKEDLY POWERFUL

મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999


Hero Destini 125 VIDA
નવનીત ઓટો સેન્ટર
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

YAMAHA RACING યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઈક

lord of the streets
1.35* ઓન રોડ
NOW WITH CONNECT
Side Stand Engine cut-off Switch | Light Weight 135kg | 3D Emblem | Durable 149cc fuel injection Engine | Two-level Single Piece Seat
* - ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

સ્વ. ડો. હિતેશ શાહની.....
શ્રવણ કાન-નાક ગળાની હોસ્પિટલ
ડો.કૃતિકા હિતેશ શાહ
: ઉપલબ્ધ સારવાર :
- કાનમાંથી નિકળતી રસી,ફુગ,મેલ માટે નિદાન અને સારવાર
- કાનના પડદાના કાણા તથા સડાનું આધુનિક સાધનો દ્વારા ઓપરેશન
- કાનની બુદનું ઓપરેશન
- એલર્જી, ચકકર, સાયનસનું નિદાન અને સારવાર
- સ્વર પેટીનાં મસા, ચાંદી વગેરેનું નિદાન અને સારવાર
- એન્ડોસ્કોપિક સર્જરી, માઈક્રો ઈઅર સર્જરી
- $CO_2$ લેસર સર્જરી
- થાઈરોઈડ, લાળગ્રંથીના ઓપરેશન
સમય : સવારે ૧૦ થી ૧, સાંજે ૫ થી ૭:૩૦
સ્થળ : ભીડભંજન મંદિર પાસે, લીલીયા રોડ, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૪૫૭

ડ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...
મગડી ગુંદીના લાડુ
નાયલોન તથા વાટીદાળનાં ખમણ
પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ
તેમજ અવનવા તાજા ફરસાણ મળશે
સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી
બટેટા વેફર્સ ▪ કેળા વેફર્સ ▪ ફરાળી ચેવડો
તેમજ અમારી સ્પે. આઈટમ ફરાળી ચટણી
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ । મો. ૯૯૦૯૧ ૭૦૯૫૫


HONDA JULY SPECIAL Offer
Ex Showroom ₹68,889/-
SHRIRAM Finance
Down Payment ₹3600/-
સ્પેશિયલ ડિસ્કાઉન્ટ ₹6500/-
Shine 100
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.

### કર્ણાટક સરકારે ભાગદોડ માટે RCBને જવાબદાર ઠેરવી

# બેંગલુરુ ભાગદોડ કેસમાં કર્ણાટક સરકારે હાઈકોર્ટને સોંપ્યો રિપોર્ટ

### રિપોર્ટમાં ગંભીર બેદરકારીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે : ઘટનામાં ટીમના ખેલાડી વિરાટ કોહલીનું નામ પણ સામે આવ્યું

બેંગલુરુ, તા.૧૭

કર્ણાટક સરકારે બેંગલુરુમાં આઈપીએલ ટીમ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુની જીતની ઉજવણી દરમિયાન થયેલી ભાગદોડ અંગે હાઈકોર્ટમાં વિગતવાર અહેવાલ રજૂ કર્યો છે. આ અહેવાલમાં સરકારે ભાગદોડ માટે આરસીબીને સંપૂર્ણપણે જવાબદાર ઠેરવી છે. તેમાં ટીમના અનુભવી ખેલાડી અને ભૂતપૂર્વ કેપ્ટન વિરાટ કોહલીનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કર્ણાટક સરકારે કહ્યું હતું છે કે આરસીબીએ વિજય ઉજવણી માટે પરવાનગી લીધી ન હતી, તેણે ફક્ત સૂચના આપી હતી.

રિપોર્ટમાં ગંભીર બેદરકારીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટિવ ટ્રિબ્યુનલે ૪ જૂને ચિન્નાસ્વામી સ્ટેડિયમની બહાર થયેલી ભાગદોડ માટે આરસીબીને જવાબદાર ઠેરવ્યું હતું. આરસીબીએ અચાનક પોલીસની પરવાનગી વિના સોશિયલ મીડિયા પર વિજય પરેડનું આયોજન કરવાની જાહેરાત કરી હતી, જેના કારણે લાખો લોકો સ્ટેડિયમની બહાર એકઠા થયા હતા. ભાગદોડ દરમિયાન ૧૧ લોકોએ જીવ ગુમાવ્યા હતા.

કર્ણાટક સરકારે રિપોર્ટમાં કહ્યું હતું કે વિજય પરેડ દરમિયાન ઘણી બેદરકારી થઈ છે અને કોઈ યોગ્ય વ્યવસ્થા નહોતી. આ કાર્યક્રમનું આયોજન કરતી કંપની ડીએનએ નેટવર્ક પ્રાઈવેટ લિમિટેડે ૩ જૂને જ પોલીસને જાણ કરી હતી, પરંતુ ૨૦૦૯ના આદેશ મુજબ પરવાનગી લીધી ન હતી. કોઈપણ ઘટના ન બને તે માટે પોલીસે મર્યાદિત કાર્યક્રમ માટે પરવાનગી આપી હતી પરંતુ અપેક્ષા કરતાં વધુ લોકો કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

કોહલી ટીમનો અનુભવી ખેલાડી છે અને તે આરસીબીનો ચહેરો પણ છે.

સરકારે હાઈકોર્ટમાં સુપરત કરેલા રિપોર્ટમાં વિરાટ કોહલીનો ઉલ્લેખ છે. સરકારે કહ્યું હતું કે આરસીબીએ ૪ જૂને એક જાહેર કાર્યક્રમને પ્રમોટ કરવા માટે સોશિયલ મીડિયા પર વિરાટ કોહલીનો એક વીડિયો શેર કર્યો હતો. વીડિયો દ્વારા કોહલીએ ચાહકોને કાર્યક્રમમાં મફતમાં હાજરી આપવા કહ્યું હતું.

ઈવેન્ટ આયોજક ડીએનએ નેટવર્ક્સ પ્રાઈવેટ લિમિટેડે ફક્ત ૩ જૂને પોલીસને જાણ કરી હતી પરંતુ ૨૦૦૯ના આદેશ મુજબ જરૂરી પરવાનગી લીધી ન હતી. આ કારણે પોલીસે મંજૂરી આપવાનો ઈનકાર કર્યો હતો. છતાં RCB એ ૪ જૂને સોશિયલ મીડિયા પર જાહેરમાં ઈવેન્ટનો પ્રચાર કર્યો હતો.

વિરાટ કોહલીએ એક વીડિયોમાં ચાહકોને આવવાની અપીલ કરી હતી. ઈવેન્ટમાં ભીડ અપેક્ષા કરતા ઘણી વધારે હતી જેના કારણે સિસ્ટમ સંપૂર્ણપણે નિષ્ફળ ગઈ હતી. ઈવેન્ટ શરૂ થાય તેના થોડા સમય પહેલા બપોરે ૩:૧૪ વાગ્યે આયોજકોએ અચાનક જાહેરાત કરી કે સ્ટેડિયમમાં પ્રવેશ માટે પાસ જરૂરી રહેશે. આનાથી લોકોમાં ગભરાટ ફેલાયો હતો.

### પોલીસ પૂછપરછ દરમિયાન ચોંકાવનારા ખુલાસા

# ગુફામાંથી મળી આવેલી રશિયન મહિલાના બાળકોનો પિતા એક ઇઝરાયલી ઉદ્યોગપતિ

### અધિકારીઓએ રશિયન દૂતાવાસનો સંપર્ક કર્યો હતો

બેંગલુરુ, તા.૧૭

કર્ણાટક પોલીસે ૯ જુલાઈના રોજ એક રશિયન મહિલાની અટકાયત કરી હતી. આ કેસમાં પોલીસ પૂછપરછ દરમિયાન ચોંકાવનારા ખુલાસા થયા છે. પોલીસે જણાવ્યું હતું કે આ મહિલાના એક ઈઝરાયલી ઉદ્યોગપતિ સાથે સંબંધો હતા. આ બંને લગભગ ૮ વર્ષ પહેલાં મળ્યા હતા. નીના કુટીનાએ જણાવ્યું હતું કે બંને છોકરીઓના પિતા એક ઈઝરાયલી ઉદ્યોગપતિ છે. તેણીએ વધુમાં જણાવ્યું હતું કે ગોવાની ગુફામાં રહેતી હતી ત્યારે તેણીએ એક બાળકીને જન્મ આપ્યો હતો. શરૂઆતમાં નીનાએ પોલીસ અને અધિકારીઓને બાળકોના પિતા વિશે કંઈપણ કહેવાનો ઈનકાર કર્યો હતો. જોકે, કાઉન્સેલરોએ તેનું કાઉન્સેલિંગ કર્યું અને ઘણા પ્રયત્નો પછી તેણીએ છોકરીઓના પિતાનું નામ જણાવ્યું. FRRO અધિકારીઓએ રશિયન દૂતાવાસનો સંપર્ક કર્યો છે. તેમણે કહ્યું કે મહિલા અને તેના બાળકોને પાછા મોકલવામાં લગભગ એક મહિનાનો સમય લાગશે.આ ઉપરાંત, નીનાનો વિઝા ૨૦૧૭માં જ સમાપ્ત થઈ ગયો હતો. પરંતુ આ મહિલા લાંબા સમયથી કર્ણાટકના જંગલોમાં રહેતી હત. હાલમાં નીનાને બેંગ્લોરમાં પોલીસ દેખરેખ હેઠળ રાખવામાં આવી છે. બીજી તરફ, કર્ણાટકની ગુફામાં તેની બે પુત્રીઓ સાથે રહેતી રશિયન મહિલાના ઈઝરાયલી પતિએ સંયુક્ત કસ્ટડીની માંગણી કરી છે. ઈઝરાયલી પુરુષ ડ્રાર ગોલ્ડસ્ટીને અધિકારીઓને વિનંતી કરી છે કે તે તેની પુત્રીઓને રશિયન મહિલા સાથે ન મોકલે. બુધવારે, ડ્રારે કહ્યું કે તે તેની પુત્રીઓના ભવિષ્ય વિશે ચિંતિત છે કારણ કે રશિયન મહિલા કુટિના બાળકોને શાળાએ જવા દેતી નથી કે બીજા કોઈને મળવા દેતી નથી. ગોલ્ડસ્ટીને જણાવ્યું હતું કે ગયા ડિસેમ્બરમાં ગોવાના પણજી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. તેણે કહ્યું હતું કે નવા વિઝા પર ભારત પરત ફર્યા બાદ તે કુટિનાને શોધી શક્યા નહોતો. પોલીસ ફરિયાદમાં ગોલ્ડસ્ટીને જણાવ્યું હતું કે તે ૨૦૧૭માં કુટિનાને પહેલીવાર મળ્યો હતો. આ પછી તેણે આરોપ લગાવ્યો હતો કે કુટિના "મને શારીરિક ત્રાસ આપતી" હતી અને મારી પાસેથી પૈસા પડાવતી હતી.ગોલ્ડસ્ટીને ફરિયાદમાં જણાવ્યું હતું કે નીનાના તેના પ્રત્યેના વર્તનને કારણે તેણે તેની સાથે સંપર્ક તોડી નાખવાનું શરૂ કર્યું હતું અને તેને લાગ્યું હતું કે તેનો ઉપયોગ "ફક્ત પૈસા માટે" થઈ રહ્યો છે. "નીનાએ મારા અને મારા બીજા પુત્ર પ્રત્યે આક્રમક અને હિંસક વર્તન કરવાનું શરૂ કર્યું. તે અપશબ્દોનો ઉપયોગ કરતી હતી અને ઘણીવાર નાની નાની બાબતોમાં મારા પર હુમલો કરતી અને મને નુકસાન પહોંચાડતી હતી."

### નકલી દસ્તાવેજોથી જમીન ખરીદવાનો આરોપ

# રોબર્ટ વાડ્રાની મુશ્કેલીઓ વધી : EDએ ૩૭ કરોડની સંપત્તિ ટાંચમાં લીધી

### ઈડીએ ૧૮ કલાકથી વધારે સમય સુધી પૂછપરછ કરી

નવી દિલ્હી, તા.૧૭

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એટલે કે ઈડીએ ગુરુગ્રામમાં એક કથિત લેન્ડ સ્કેમ સાથે જોડાયેલા કેસમાં કોંગ્રેસ નેતા રોબર્ટ વાડ્રાની ૩૭.૬૪ કરોડ રુપિયાની સંપત્તિ ટાંચમાં લીધી છે. ગુરુગ્રામ પોલીસે ૧ સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ FIR નંબર ૨૮૮ નોંધી હતી, જેમાં રોબર્ટ વાડ્રા અને તેની કંપની સ્કાઈ લાઈટ હોસ્પિટાલિટીને આરોપી બનાવ્યા હતા. કહેવાય છે કે, શિકોહપુર ગામ, સેક્ટર ૮૩માં ૩.૫૩ એકર જમીનને ૧૨ ફેબ્રુઆરી ૨૦૦૮ના રોજ નકલી દસ્તાવેજો દ્વારા ઓમકારેશ્વર પ્રોપર્ટીઝ પાસેથી ખરીદી હતી. વાડ્રા પર વ્યક્તિગત પ્રભાવનો ઉપયોગ કરી આ જમીન માટે કોમર્શિયલ લાઈસન્સ લેવાનો આરોપ છે. આ મામલામાં હવે ઈડીએ ૩૭.૬૪ કરોડ રુપિયાની ૪૩ અચલ સંપત્તિઓ ટાંચમાં લીધી છે. આરોપ અનુસાર, પ્રોજેક્ટ પૂરો કર્યા વિના જ આટલી જ જમીન ૫૮ કરોડ રુપિયામાં વેચી દીધી. ચાર્જશીટમાં રોબર્ટ વાડ્રાને આરોપી બનાવ્યા છે. આ મામલામાં ઈડીએ રોબર્ટ વાડ્રા સાથે ૧૮ કલાકથી વધારે સમય સુધી પૂછપરછ કરી હતી. રોબર્ટ વાડ્રા સાથે સાથ હરિયાણાના કેટલાય અન્ય કોંગ્રેસી નેતાઓ સાથે પણ પૂછપરછ થઈ હતી.

૧ સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ ગુરુગ્રામ પોલીસએ એક FIR (નં. ૨૮૮) નોંધ્યો હતો, જેમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે રોબર્ટ વાડ્રાએ પોતાની કંપની સ્કાય લાઈટ હૉસ્પિટાલિટી પ્રાઈવેટ લિમિટેડ દ્વારા ગુરુગ્રામના શિકોહપુર ગામ (સેક્ટર ૮૩)માં ૩.૫૩ એકર જમીન છેતરપિંડીથી ખરીદી હતી. આ જમીન તેમણે ઓમકારેશ્વર પ્રોપર્ટીઝ પ્રા. લિ. પાસેથી ૧૨ ફેબ્રુઆરી ૨૦૦૮ના રોજ ખરીદી હતી અને તેમાં ખોટા દસ્તાવેજી નિવેદન આપવાનો આરોપ છે.

આરોપ છે કે વાડ્રાએ પોતાનો વ્યક્તિગત પ્રભાવ વાપરીને આ જમીન માટે કમર્શિયલ લાઈસન્સ પણ મેળવી લીધું. હવે આ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ ૧૬ જુલાઈ ૨૦૨૫ના રોજ એક અસ્થાયી કુરકી આદેશ જારી કર્યો છે.

આ હેઠળ રોબર્ટ વાડ્રા અને તેમની કંપનીઓ જેમ કે સ્કાય લાઈટ હૉસ્પિટાલિટી પ્રા. લિ.ની કુલ ૪૩ અચલ સંપત્તિઓ, જેની કિંમત ૩૭.૬૪ કરોડ રૂપિયા છે, ટાંચમાં લેવામાં આવી છે. આ પછી ૧૭ જુલાઈ ૨૦૨૫ના રોજ રાઉઝ એવન્યુ કોર્ટ, નવી દિલ્હી ખાતે આ મામલે ૧૧ લોકો/સંસ્થાઓ વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. તેમાં રોબર્ટ વાડ્રા, તેમની કંપનીઓ, સત્યનંદ યાજી, કેવલ સિંહ વિર્ક, અને તેમની કંપની ઓમકારેશ્વર પ્રોપર્ટીઝ પ્રા. લિ.ને આરોપી બનાવવામાં આવ્યા છે. જો કે હજુ કોર્ટએ આ ચાર્જશીટ પર સંજ્ઞાન લીધું નથી એટલે કે અદાલતએ હજુ નક્કી કર્યું નથી કે આ આરોપો પર કેસ ચલાવવામાં આવશે કે નહીં.

### નીતિશ કુમારની ચૂંટણીલક્ષી મોટી જાહેરાત

# બિહારમાં ૧૨૫ યુનિટ મફત વીજળીની જાહેરાત કરાઈ

### રાજ્ય સરકાર અત્યંત ગરીબ પરિવારો માટે સૌર ઊર્જા પ્લાન્ટ સ્થાપવાનો સંપૂર્ણ ખર્ચ ઉઠાવશે

પટના, તા.૧૭

બિહારમાં આ વર્ષે વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. ચૂંટણી પહેલા નીતિશ સરકારે રાજ્યના વીજ ગ્રાહકોને મોટી રાહત આપી છે. બિહારમાં ૧૨૫ યુનિટ મફત વીજળીની જાહેરાત કરવામાં આવી છે. મુખ્યમંત્રી નીતિશ કુમારે પોતાના સત્તાવાર એકાઉન્ટ એક્સ પર આ વિશે માહિતી આપી છે. મુખ્યમંત્રીએ એક્સ પર લખ્યું કે, આપણે શરુઆતથી જ સસ્તા ભાવે વીજળી ઉત્પન્ન કરી રહ્યા છીએ. હવે અમે નક્કી કરી લીધું છે કે, પહેલી ઑગસ્ટ, ૨૦૨૫થી રાજ્યના તમામ ઘરેલુ ગ્રાહકોની સંમતિ લીધા પછી, તેમને તેમના ઘરોની છત પર અથવા નજીકના જાહેર સ્થળોએ સૌર ઊર્જા પ્લાન્ટ સ્થાપિત કરીને લાભ આપવામાં આવશે.કુટીર જ્યોતિ યોજના હેઠળ, રાજ્ય સરકાર અત્યંત ગરીબ પરિવારો માટે સૌર ઊર્જા પ્લાન્ટ સ્થાપવાનો સંપૂર્ણ ખર્ચ ઉઠાવશે અને બાકીની રકમ માટે પણ પૂરતો સહયોગ આપશે. જેના કારણે, ઘરેલુ ગ્રાહકોને ૧૨૫ યુનિટ સુધી વીજળી પર કોઈ ખર્ચ કરવો નહીં પડે. એક અંદાજ મુજબ, આગામી ત્રણ વર્ષમાં રાજ્યમાં ૧૦ હજાર મેગાવોટ સુધીની સૌર ઊર્જા ઉપલબ્ધ થશે.નોંધનીય છે કે, બુધવારે પણ મુખ્યમંત્રી નીતિશ કુમારે એક મહત્ત્વપૂર્ણ સૂચના આપી હતી. મુખ્યમંત્રી નીતિશ કુમારના આ નિર્દેશથી બિહારમાં સરકારી શિક્ષક બનવાની રાહ જોઈ રહેલા ઉમેદવારોને મોટી રાહત મળી છે. મુખ્યમંત્રી નીતિશ કુમારે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર આ વિશે માહિતી આપતાં કહ્યું હતું કે, અમે શિક્ષણ વિભાગને સરકારી શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યાઓની તાત્કાલિક ગણતરી કરવા અને આ અંગે નિમણૂક માટે ટૂંક સમયમાં TRE 4 પરીક્ષા યોજવા માટે કાર્યવાહી કરવા જણાવ્યું છે. રાજ્ય સરકારે પહેલાથી જ સ્પષ્ટ કરી દીધું છે કે ભરતી પ્રક્રિયામાં મહિલાઓ માટે ૩૫ ટકા અનામતનો લાભ ફક્ત બિહારની રહેવાસીઓને મહિલાઓને જ મળશે.

### અમદાવાદ પ્લેન ક્રેશ પર અમેરિકી રિપોર્ટમાં દાવો

# કેપ્ટને બંધ કરી દીધુ હતું વિમાનના એન્જિનનું ફ્યૂલ

### અહેવાલમાં બંને પાઇલટ વચ્ચેની છેલ્લી વાતચીતના કોકપીટ રેકોર્ડિંગનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે

વોશિંગ્ટન, તા.૧૭

યુએસ મીડિયામાં પ્રકાશિત એક અહેવાલમાં ચોંકાવનારો દાવો કરવામાં આવ્યો છે કે ક્રેશ થયેલા એર ઈન્ડિયા વિમાનના એક પાઈલટે વિમાનનું ઈંધણ બંધ કરી દીધું હતું. અહેવાલમાં બંને પાઈલટ વચ્ચેની છેલ્લી વાતચીતના કોકપીટ રેકોર્ડિંગનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જોકે, ભારતના નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ જણાવ્યું હતું કે આ અહેવાલ ફક્ત પ્રારંભિક તારણો પર આધારિત છે અને હજુ સુધી અંતિમ નિષ્કર્ષ પર પહોંચવું જોઈએ નહીં. આ સાથે, પાઈલટ એસોસિએશન પણ આ અહેવાલ પર ગુસ્સે છે.

વોલ સ્ટ્રીટ જર્નલના અહેવાલમાં જણાવાયું છે કે બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનર ઉડાવતા ફર્સ્ટ ઓફિસરે વધુ અનુભવી કેપ્ટનને પૂછ્યું કે તેણે રનવે પરથી ઉડાન ભર્યા પછી તરત જ કટઓફ પોઝિશનમાં સ્વિચ કેમ મૂકી. રિપોર્ટ અનુસાર, આ પછી ફર્સ્ટ ઓફિસરે ગભરાટ વ્યક્ત કર્યો, જ્યારે કેપ્ટન શાંત રહ્યા.

કેપ્ટન સુમિત સભરવાલ અને ફર્સ્ટ ઓફિસર ક્લાઈવ કુંદરે પણ વિમાન દુર્ઘટનામાં જીવ ગુમાવ્યા, જેમને કુલ ૧૫,૬૩૮ કલાક અને ૩,૪૦૩ કલાક ઉડાનનો અનુભવ હતો. વોલ સ્ટ્રીટ જર્નલે એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો (AIIB) ના પ્રારંભિક અહેવાલનો ઉલ્લેખ કર્યો હતો, જેમાં જણાવાયું હતું કે ટેકઓફ પછી થોડી જ ક્ષણોમાં બંને એન્જિનના ફ્યુઅલ કટઓફ સ્વીચો એક પછી એક કટઓફ પોઝિશન પર પહોંચી ગયા હતા. રિપોર્ટ અનુસાર, ટેકઓફ અને અકસ્માત વચ્ચેનો સમય માત્ર ૩૨ સેકન્ડનો હતો. વોલ સ્ટ્રીટ જર્નલે કેસના નિષ્ણાતો, અમેરિકન પાઈલોટ્સ અને તપાસ પર નજર રાખતા સુરક્ષા નિષ્ણાતોને ટાંકીને કહ્યું હતું કે પ્રારંભિક અહેવાલમાં આપવામાં આવેલી વિગતો દર્શાવે છે કે કેપ્ટને પોતે સ્વીચો બંધ કરી હતી. તેમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે, "રિપોર્ટમાં એ નથી જણાવવામાં આવ્યું કે સ્વિચ ઓફ આકસ્મિક હતું કે ઈરાદાપૂર્વક."

નાગરિક ઉડ્ડયન મંત્રી કિંજરાપુ રામ મોહન નાયડુએ ગયા અઠવાડિયે કહ્યું હતું કે રિપોર્ટ ફક્ત પ્રારંભિક તારણો પર આધારિત છે અને અંતિમ અહેવાલ પ્રકાશિત થાય ત્યાં સુધી કોઈ અંતિમ નિષ્કર્ષ પર પહોંચવું જોઈએ નહીં.

ફેડરેશન ઓફ ઈન્ડિયન પાઈલોટ્સ (FIP) ના પ્રમુખ સીએસ રંધાવાએ ગુરુવારે વોલ સ્ટ્રીટ જર્નલના પાયાવિહોણા અહેવાલની આકરી ટીકા કરી હતી અને કાર્યવાહી કરવાની પણ હાકલ કરી હતી. રંધાવાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે AIIB ના પ્રારંભિક અહેવાલમાં પાઈલટ્સ દ્વારા એન્જિનમાં બળતણના પ્રવાહને નિયંત્રિત કરતી સ્વીચ બંધ કરવાનો ઉલ્લેખ નથી. તેમણે કહ્યું કે અંતિમ અહેવાલ આવે તે પહેલાં લોકોએ કોઈ નિષ્કર્ષ કાઢવો જોઈએ નહીં.

### તેમના પાડોશી સાથે ઝઘડો થયો છે

# મોહમ્મદ શમીની પત્ની હસીન જહાં સામે હત્યાના પ્રયાસનો ગુનો નોંધાયો

### વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે પોલીસે તેમની સામે કાર્યવાહી કરી છે

નવી દિલ્હી, તા.૧૭

મોહમ્મદ શમીની પત્ની હસીન જહાં અને તેની પુત્રી અર્શી જહાં એક મોટા વિવાદમાં ફસાઈ ગયા છે.

મા દિકરીનો વિવાદ મોહમ્મદ શમી સાથે નહીં પરંતુ તેમના પાડોશી સાથે સર્જાયો છે. આ દરમિયાન હસીન જહાં તેના પાડોશી સાથે ઝઘડો કરી ગઈ. ત્યારબાદ પોલીસે હસીન જહાં અને તેની પુત્રી અર્શી જહાં સામે હત્યાના પ્રયાસનો કેસ નોંધ્યો છે. તેનો વીડિયો સોશિયલ મીડિયા પર વધુને વધુ વાયરલ થઈ રહ્યો છે. અર્શી હસીન જહાંના પહેલા પતિની પુત્રી છે.હસીન જહાંનો તેના પતિ, ભારતીય ટીમના ફાસ્ટ બોલર મોહમ્મદ શમી સાથે વિવાદ ચાલી રહ્યો છે. આ કારણે, તે પશ્ચિમ બંગાળના બીરભૂમમાં તેની પુત્રી સાથે રહે છે. તાજેતરમાં, કોલકાતા હાઈકોર્ટે મોહમ્મદ શમીને ઘર ખર્ચ માટે તેની પત્ની હસીન જહાં અને પુત્રી આયરાને દર મહિને ૪ લાખ રૂપિયા ચૂકવવાનો આદેશ આપ્યો હતો.હસીન જહાં, તેની પુત્રી સાથે, જમીનના એક ટુકડા પર ગેરકાયદેસર રીતે કબજો કરી રહી હતી. જ્યારે તેના પડોશીઓએ આનો વિરોધ કર્યો, ત્યારે તેણી તેમની સાથે ઝપાઝપીમાં ઉતરી ગઈ. તેનો વીડિયો સોશિયલ મીડિયા પર વધુને વધુ વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં, હસીન જહાં એક મહિલા સાથે ઝપાઝપી કરી રહી છે. આ કેસમાં, પોલીસે હસીન જહાં અને તેની પુત્રી અર્શી જહાં સામે હત્યાના પ્રયાસનો કેસ નોંધ્યો છે અને આ મામલાની તપાસ શરૂ કરી છે.ટીમ ઈન્ડિયાના ફાસ્ટ બોલર મોહમ્મદ શમી સાથેના વિવાદને કારણે, હસીન જહાં લાંબા સમયથી તેની પુત્રી આયરા સાથે બીરભૂમમાં રહે છે. આ બંને વચ્ચે લાંબા સમયથી વિવાદ ચાલી રહ્યો છે. તાજેતરમાં, કોલકાતા હાઈકોર્ટે શમીને ભરણપોષણ ચૂકવવાનો આદેશ આપ્યો છે.હસીન જહાંનો તેના પતિ મોહમ્મદ શમી સાથે પણ વિવાદ ચાલી રહ્યો છે. તાજેતરમાં, કોલકાતા હાઈકોર્ટે ટીમ ઈન્ડિયાના ફાસ્ટ બોલર મોહમ્મદ શમીને તેની પત્ની હસીન જહાંને ભરણપોષણ તરીકે દર મહિને ૪ લાખ રૂપિયા ચૂકવવાનો આદેશ આપ્યો છે. તેમાંથી ૧.૫ લાખ રૂપિયા પત્ની હસીન જહાંને અને ૨.૫ લાખ રૂપિયા તેમની પુત્રી આયરાને આપવાનો આદેશ આપવામાં આવ્યો છે.

### બિહાર વોટર લિસ્ટ મુદ્દે રાહુલ ગાંધીના પ્રહાર

# ચૂંટણી પંચ હવે ભાજપનું ઈલેક્શન ચોરી શાખા બન્યું

### ચૂંટણી પંચ બિહારમાં SIR ના ભાગરૂપે થઈ રહેલી મત ચોરીમાં ભાજપનો સાથ આપી રહ્યું હોવાનો આક્ષેપ મૂક્યા

નવી દિલ્હી, તા.૧૭

કોંગ્રેસના સાંસદ અને લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ આજે ગુરૂવારે ચૂંટણી પંચ બિહારમાં SIR (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન-મતદારોની યાદીનું પુનરીક્ષણ)ના ભાગરૂપે થઈ રહેલી મત ચોરીમાં ભાજપનો સાથ આપી રહ્યું હોવાનો આક્ષેપ મૂક્યો છે. તેમણે ચૂંટણી પંચ ભાજપની ઈલેક્શન ચોરી શાખા તરીકે કામ કરતું હોવાનો દાવો કર્યો છે.

રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરી જણાવ્યું હતું કે ,બિહારમાં SIR ના નામ પર ચૂંટણી પંચ મતની ચોરી કરતાં રંગે હાથ પકડાયું છે. નામ SIR અને કામ ચોરી. જે લોકો તેને ઉજાગર કરી રહ્યા છે, તેના પર નોંધાઈ રહી છે એફઆઈઆર. તેમણે આ પણ સવાલ કર્યો કે, શું ચૂંટણી પંચ હવે ચૂંટણી પંચ જ રહ્યું છે કે, પછી ભાજપની ઈલેક્શન ચોરી શાખા બની ગયુ છે?

રાહુલ ગાંધીએ ચૂંટણી પંચ પર આ પહેલી વાર નહીં, પણ અગાઉ અનેક વખત આક્ષેપો કર્યા હતાં. મહારાષ્ટ્ર ચૂંટણીમાં પણ તેમણે ચૂંટણી પંચની પારદર્શકતા પર સવાલો ઉઠાવ્યા હતાં.

ચૂંટણી પંચે અગાઉ જ સ્પષ્ટતા આપી દીધી હતી કે, બિહારમાં ૨૨ વર્ષ બાદ આ સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન થઈ રહ્યું છે. જેનો ઉદ્દેશ મતદાર યાદીમાંથી નકલી નામ, મૃતકો અને સ્થળાંતરિત મતદારોનું ડુપ્લિકેશન દૂર કરવાનો છે. સાથે નવા યોગ્ય મતદારોને યાદીમાં સામેલ કરવામાં આવી રહ્યા છે. ચૂંટણી પંચે આ સંપૂર્ણ પ્રક્રિયા નિષ્પક્ષ અને કાયદા હેઠળ થઈ રહી હોવાનો દાવો કર્યો.

બિહારમાં ચાલી રહેલી SIR પ્રક્રિયામાં અનેક મતદારોના નામ ન હોવાનો આક્ષેપ સ્થાનિકો તેમજ વિપક્ષો કરી રહ્યા છે. મીડિયા ગ્રાઉન્ડ રિપોર્ટમાં જાણવા મળ્યું છે કે, ખાસ કરીને મુસ્લિમ, બંગાળી મૂળ અને શેરશહાબાદી સમુદાયના લોકોના નામ આ યાદીમાંથી ગુમ છે.

પૂર્ણિયામાં ૪૦૦ મુસ્લિમ મતદારોના નામ ગુમ હોવાનો દાવો થઈ રહ્યો છે. આ તમામ લોકોએ ૨૦૨૪માં લોકસભા ચૂંટણીમાં મત આપ્યો હતો. ઉલ્લેખનીય છે, રાજ્યમાં નાગરિકતાના પુરાવાના અભાવે ઘણા મતદારોના નામ યાદીમાંથી દૂર કરાયા છે. આ મામલે સુપ્રીમ કોર્ટ સમક્ષ અનેક અરજી કરવામાં આવી છે. જેના પર સુનાવણી ચાલુ છે.

### ઉત્તર ભારતમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી

# ૧૮-૨૦ જુલાઈ સુધી ઘણા વિસ્તારોમાં કહેર બનીને તૂટી પડશે મેઘરાજા

### ૧૮-૨૦ જુલાઈ દરમિયાન પશ્ચિમ ઉત્તર પ્રદેશના ઘણા જિલ્લાઓમાં ભારે વરસાદની સંભાવના રહેલી છે

નવી દિલ્હી, તા.૧૭

દેશમાં ચોમાસુ તેની ટોચ પર છે. રાજધાની દિલ્હી સહિત NCRના વિવિધ વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. ભારતીય હવામાન વિભાગ (IMD) અનુસાર, ૧૮-૨૦ જુલાઈ દરમિયાન હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પૂર્વી ઉત્તર પ્રદેશમાં વરસાદની શક્યતા છે. આ ઉપરાંત, ૧૮ જુલાઈએ જમ્મુ-કાશ્મીરમાં અને ૧૯-૨૦ જુલાઈ દરમિયાન પશ્ચિમ ઉત્તર પ્રદેશના ઘણા જિલ્લાઓમાં ભારે વરસાદની સંભાવના છે. તે જ સમયે, હવામાન વિભાગનો અંદાજ છે કે આગામી દિવસોમાં દિલ્હી દ્ગઝઈમાં વધુ વરસાદ પડી શકે છે. વરસાદને કારણે, પારામાં ઘટાડો થયો છે, જેના કારણે લોકોને ગરમીથી રાહત મળી છે, પરંતુ રસ્તાઓ પર પાણી ભરાઈ જવાને કારણે લોકોની મુશ્કેલીઓ વધી ગઈ છે.

રાજધાની દિલ્હી ઉપરાંત, આગામી એક અઠવાડિયા સુધી પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને રાજસ્થાન સહિત સમગ્ર ઉત્તર ભારતમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. તે જ સમયે, હિમાચલ પ્રદેશના પહાડી વિસ્તારોમાં મુશળધાર વરસાદની સંભાવના છે. હિમાચલ પ્રદેશના ૭ જિલ્લાઓમાં ગુરુવારે વરસાદ માટે પીળો ચેતવણી જારી કરવામાં આવી છે. આગામી બે દિવસમાં, ચંબા, કાંગડા, કુલ્લુ અને મંડી જિલ્લામાં પીળો ચેતવણી રહેશે.

હવામાન વિભાગે ગુરુવારે રાજસ્થાનના ઘણા વિસ્તારોમાં ભારે વરસાદની ચેતવણી આપી છે. આ સમયગાળા દરમિયાન, જોધપુર, બિકાનેર, અજમેર વિભાગના કેટલાક ભાગોમાં ભારે વરસાદ અને કેટલાક સ્થળોએ ખૂબ જ ભારે વરસાદની શક્યતા છે.

બુધવારે કેરળના ઘણા ભાગોમાં વરસાદને કારણે નદીઓના જળસ્તરમાં વધારો થયો હતો, ત્યારબાદ હવામાન વિભાગે ૫ જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ જારી કરીને લોકોને ચેતવણી આપી છે. એર્નાકુલમ, ઇડુક્કી, ત્રિશૂર, કન્નુર અને કાસરગોડ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

રાજ્યના બાકીના ૯ જિલ્લાઓ માટે વિભાગે પીળો એલર્ટ જારી કર્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ૨ પશ્ચિમી વિક્ષેપોને કારણે, ઉત્તર-પશ્ચિમ ભારત, બિહાર, પૂર્વી ઉત્તર પ્રદેશ અને ઝારખંડમાં વરસાદ ચાલુ છે. આગામી કેટલાક દિવસો સુધી તે ચાલુ રહેવાની સંભાવના છે.

# ઇરાકમાં શોપિંગ મોલમાં લાગી ભીષણ આગ, ૫૦ લોકોના મોત

નવી દિલ્હી, તા.૧૭

ઈરાકના એક શોપિંગ મોલમાં ભીષણ આગ લાગવાને કારણે ૫૦ લોકોના મોત થયા છે. ન્યૂઝ એજન્સી AFP પ્રમાણે દાવો કરવામાં આવી રહ્યું છે કે આ દુર્ઘટના ઈરાકની અલ-કુટની એક સુપરમાર્કેટમાં થઈ છે. વાયરલ તસવીરોમાં જોઈ શકાય છે કે ઈમારતના મોટા ભાગમાં આગ લાગી છે અને ધૂમાડો જોવા મળી રહ્યો છે. દુર્ઘટના સાથે જોડાયેલો એક વીડિયો પણ વાયરલ થઈ રહ્યો છે, જેમાં પાંચ માળની ઈમારત આગની ઝપેટમાં આવેલી જોવા મળી રહી છે, જ્યારે ફાયર વિભાગની ટીમ આગ પર કાબુ મેળવવાનો પ્રયાસ કરી રહી છે. વાસિત પ્રાંતના ગવર્નર મોહમ્મદ અલ-મિયાહીએ સત્તાવાર આઈએનએ સમાચાર એજન્સીને જણાવ્યું- એક મોટા શોપિંગ સેન્ટરમાં આગને કારણે મૃત્યુ પામનાર પીડિતોની સંખ્યા લગભગ ૫૦ થઈ ગઈ છે. પરંતુ આગ લાગવાનું સાચુ કારણ હજુ સામે આવ્યું નથી. ગવર્નરે કહ્યુ કે તપાસનો પ્રાથમિક રિપોર્ટ ૪૮ કલાકમાં જાહેર કરવામાં આવશે.

વાસિત પ્રાંતના ગવર્નર મોહમ્મદ અલી-મિયાહીએ જણાવ્યું કે આગ એક હાઈપર માર્કેટ અને એક રેસ્ટોરન્ટમાં લાગી છે. જ્યારે આગ લાગી ત્યારે ત્યાં ઘણા લોકો ભોજન કરી રહ્યાં હતા અને ખરીદી કરી રહ્યા હતા. ગવર્નરે જણાવ્યું કે ફાયરની ટીમે ઘણા લોકોને બચાવ્યયા છે. આ દુખદ ઘટનાને કારણે દેશમાં ત્રણ દિવસના શોકની જાહેરાત કરવામાં આવી છે. INA ના રિપોર્ટ પ્રમાણે ગવર્નર મોહમ્મદ અલ-મિયાહીએ ઈમારત અને મોલના માલિક વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે.

# પટના : હોસ્પિટલના ICU માં ઘૂસીને એક ગેંગસ્ટરની ગોળી મારીને હત્યા

પટના, તા.૧૭

પટનામાં પારસ હોસ્પિટલના ICU માં ઘૂસીને એક ગેંગસ્ટરને ગોળી મારીને હત્યા કરવામાં આવી હોવાનો વીડિયો સામે આવ્યો છે. આ વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે, ૪ શખ્સો બંદૂકો સાથે ICU માં ડર્યા વગર પ્રવેશ કરી રહ્યા છે. શખ્સોએ હોસ્પિટલના રૂમ નંબર ૨૦૯ માં આ ઘટનાને અંજામ આપ્યો હતો. હત્યારાઓએ માત્ર ૨૫ સેકન્ડમાં આ ઘટનાને અંજામ આપ્યો હતો. જણાવી જઈએ કે, જે વ્યક્તિની હત્યા કરવામાં આવી છે, તેનું નામ ચંદન મિશ્રા છે. ચંદન મિશ્રાને બેઉર જેલમાંથી પેરોલ પર સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ચંદન મિશ્રા બક્સરનો રહેવાસી હતો અને કેસરી નામના વ્યક્તિની હત્યા કેસમાં આરોપી હતો. પોલીસે ચંદન મિશ્રાના રૂમમાંથી ૧૨ ગોળીઓના શેલ જપ્ત કર્યા છે. પોલીસે હોસ્પિટલના ગાર્ડ સહિત ૧૨ લોકોની અટકાયત કરી છે અને આ કેસમાં પૂછપરછ શરૂ કરી છે. SSP કાર્તિક કે શર્માએ જણાવ્યું હતું કે, ચંદન મિશ્રા એક કુખ્યાત ગુનેગાર હતો અને તેના હરીફ જૂથે હોસ્પિટલમાં ઘૂસીને હત્યા કરી હતી. તેમણે કહ્યું હતું કે, પોલીસને ગુનેગારોની તસવીર મળી છે અને ટૂંક સમયમાં તેમની ધરપકડ કરવામાં આવશે. પોલીસના જણાવ્યા અનુસાર, ચંદન મિશ્રા સામે હત્યા અને ગેંગ વોરના ડઝનબંધ કેસ નોંધાયેલા છે. બક્સરમાં ચંદન-શેરુ ગેંગનો આતંક હતો અને બાદમાં શેરુ અને ચંદન વચ્ચે દુશ્મનાવટ થઈ હતી. પોલીસને હત્યા પાછળ શેરુના કેમ્પ પર શંકા છે. આ ચોંકાવનારી ઘટના પર નિવેદન આપતા, પટનાના એસએસપી કાર્તિક કે શર્માએ જણાવ્યું હતું કે, ચંદન મિશ્રા એક કુખ્યાત ગુનેગાર હતો, તેની હત્યા હોસ્પિટલની અંદર તેની હરીફ ગેંગ દ્વારા કરવામાં આવી હતી. આ સંપૂર્ણપણે ગેંગ વોરનો કેસ છે. ગુનેગારોની ઓળખ થઈ ગઈ છે, અમારી પાસે તેમના ફોટા છે. ટૂંક સમયમાં ધરપકડ કરવામાં આવશે.

# કુલદીપ યાદવના રમવા કરતાં ભારતની જીત વધુ મહત્વપૂર્ણ છે

### ફાસ્ટ બોલરોએ સારું પ્રદર્શન કર્યું અને વિકેટ લીધી તેથી જ કુલદીપ યાદવને હજુ સુધી રમવાની તક મળી નથી

નવી દિલ્હી, તા.૧૭

ઈંગ્લેન્ડ સામેની ૫ ટેસ્ટમાંથી રમાયેલી ૩ ટેસ્ટમાં કુલદીપ યાદવને રમવાની તક મળી નથી. ટીમ ઈન્ડિયા સારું પ્રદર્શન કરી રહી છે. શરૂઆતમાં એવું લાગતું હતું કે કુલદીપને પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન મળશે. પરંતુ, ફાસ્ટ બોલરોએ સારું પ્રદર્શન કર્યું અને વિકેટ લીધી. તેથી જ તેને હજુ સુધી તક મળી નથી.

કપિલ પાંડેએ કહ્યું, કુલદીપ બેસ્ટ ફોર્મમાં છે. ચેમ્પિયન્સ ટ્રોફી, T20 વર્લ્ડ કપમાં તેનું પ્રદર્શન શાનદાર હતું. મને લાગે છે કે કુલદીપને તેની બેટિંગના કારણે સ્થાન નથી મળી રહ્યું. પરંતુ, સિરીઝમાં અત્યાર સુધી ટીમ બેટ્સમેનોના કારણે મેચ હારી ગઈ છે. બોલરોનું પ્રદર્શન સારું રહ્યું છે. તમે જસપ્રીત બુમરાહ અથવા કુલદીપ યાદવ પાસેથી ૧૦૦ રનની અપેક્ષા રાખી શકતા નથી.

કપિલ પાંડેએ કહ્યું કે તેમણે કુલદીપ સાથે વાત કરી છે. તેમણે તેને ફિટ રહેવાની અને તક મળે ત્યારે રમવાની અને પોતાનું શ્રેષ્ઠ આપવાની સલાહ આપી છે. કપિલ પાંડેએ કહ્યું, કુલદીપ હાલમાં દેશનો શ્રેષ્ઠ સ્પિનર છે. કુલદીપ યાદવ હાલમાં માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિશ્વના શ્રેષ્ઠ સ્પિનરોમાં ગણાય છે. તેણે દરેક ફોર્મેટમાં દેશ માટે સારું પ્રદર્શન કર્યું છે. તેને ટેસ્ટ રમવાની તક ખૂબ ઓછી મળી છે.

કુલદીપે અત્યાર સુધીમાં ૧૩ ટેસ્ટ રમી છે, જેમાં તેણે ૫૬ વિકેટ લીધી છે. કુલદીપ યાદવે તાજેતરના સમયમાં તેની બેટિંગ પર પણ કામ કર્યું છે. પરંતુ, સ્પિનર અને બેટ્સમેન તરીકે રવિન્દ્ર જાડેજા અને વોશિંગ્ટન સુંદરની હાજરીને કારણે તેને તક મળી રહી નથી.

### ભાજપના ધારાસભ્યએ હદ કરી!

# મુખ્યમંત્રી ફડણવીસ રામ-કૃષ્ણ અને મહાદેવ જેવા છેઃ પરિણય ફુકે

## ધારાસભ્ય પરિણય ફુકેએ કહ્યું કે, દેવેન્દ્ર ફડણવીસે મહારાષ્ટ્રને વિકાસની નવી ઊંચાઈઓ પર પહોંચાડ્યું છે

મુંબઈ, તા.૧૭

મહારાષ્ટ્રના એક ભાજપ ધારાસભ્યએ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ વિશે મોટું નિવેદન આપ્યું છે. વિધાનસભા પરિષદના સભ્ય પરિણય ફુકેએ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસની તુલના ભગવાન શ્રી રામ, ભગવાન કૃષ્ણ અને ભગવાન શિવ સાથે કરી છે. આ ઉપરાંત ધારાસભ્ય પરિણય ફુકેએ કહ્યું કે, દેવેન્દ્ર ફડણવીસે મહારાષ્ટ્રને વિકાસની નવી ઊંચાઈઓ પર પહોંચાડ્યું છે અને તેને દેશનું નંબર-વન રાજ્ય બનાવ્યું છે.

આટલું જ નહીં, ધારાસભ્ય પરિણય ફુલેએ વધુમાં કહ્યું કે, મુખ્યમંત્રી ફડણવીસે મહારાષ્ટ્રને વિકાસની નવી ઊંચાઈઓ પર પહોંચાડ્યું છે અને તેને નંબર વન રાજ્ય બનાવ્યું છે. અમે તેમના ભજન ગાઈએ છીએ કારણ કે તે અમારા માટે ભગવાન જેવા છે. મને ખબર નથી કે દેવેન્દ્ર ફડણવીસ ભગવાન છે કે નહીં, પરંતુ તેઓ ભગવાન જેવા વ્યક્તિ છે. તેમનું પાત્ર શ્રી રામ જેવું છે અને બુદ્ધિ કૃષ્ણ જેવી છે. તેમની સહનશીલતા બિલકુલ મહાદેવ જેવી છે, તેમનામાં ઝેર પણ પીવાની ક્ષમતા છે.

ધારાસભ્ય ફુકેએ કહ્યું કે, મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસમાં સૂર્યનું તેજ અને ચંદ્રની શાંતિ છે. આવી સ્થિતિમાં, મુખ્યમંત્રી પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતા પરિણય ફુકેએ તેમની પ્રશંસા કરી.

આ ઉપરાંત, મહારાષ્ટ્ર વિધાનસભાના અધ્યક્ષ રાહુલ નાર્વેકરે બુધવારે કહ્યું છે કે, નાગપુર વિધાન ભવનનું વિસ્તરણ કરવામાં આવશે. આ માટે, નવા વહીવટી સંકુલની બ્લુપ્રિન્ટ તૈયાર કરવામાં આવી છે. આર્કિટેક્ટ હાફિઝ કોન્ટ્રાક્ટરે રાહુલ નાર્વેકર સમક્ષ નવી ઈમારતોનો ગ્રાફ રજૂ કર્યો છે.

હકીકતમાં, નાગપુર વિધાન ભવનના પરિસરમાં એક નવું ૭ માળનું સંકુલ બનાવવામાં આવશે. આ દરમિયાન, હાલની ઈમારતની ઐતિહાસિક સ્થાપત્ય શૈલીને પણ સાચવવામાં આવશે. નવી ઈમારતમાં એક જ છત હેઠળ એક કેન્દ્રીય ચેમ્બર, વિધાનસભા ચેમ્બર, વિધાનસભા પરિષદ ચેમ્બર, મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રીઓ, વિધાનસભા અધ્યક્ષ, વિધાનસભા પરિષદ અધ્યક્ષ અને વિરોધ પક્ષના નેતાના કાર્યાલયો હશે.

### ૧૯૩૧માં બ્રિટિશ આર્ટિસ્ટ ક્લેર લેઇટનને આ પેઇન્ટિંગ બનાવ્યું હતું

# UKમાં ગાંધીજીના દુર્લભ ઓઇલ પેઇન્ટિંગની રૂ.૧.૭ કરોડમાં હરાજી

## આ ચિત્ર ૧૯૩૧નું છે, જ્યારે મહાત્મા ગાંધી બીજી રાઉન્ડ ટેબલ કોન્ફરન્સમાં હાજરી આપવા લંડન ગયા હતા

લંડન, તા.૧૭

બ્રિટનની રાજધાની લંડનમાં મહાત્મા ગાંધીજીના એક દુર્લભ ઓઈલ પેઈન્ટિંગની હરાજી કરવામાં આવી છે. એવું કહેવાય છે કે આ એકમાત્ર ચિત્ર છે જેના માટે મહાત્મા ગાંધી પોટ્રેટ મોડમાં બેઠા હતા અને ચિત્રકારે તેમની સામે બેસીને આ સુંદર ઓઈલ પેઈન્ટિંગ બનાવ્યું હતું. બોનહેમ્સ ખાતે ઓનલાઈન હરાજીમાં આ ફોટો રૂ. ૧.૭ કરોડમાં વેચાયો હતો.૧૯૩૧માં જ્યારે ગાંધીજી બીજી રાઉન્ડ ટેબલ કોન્ફરન્સમાં હાજરી આપવા માટે લંડન ગયા ત્યારે બ્રિટિશ પોટ્રેટ કલાકાર ક્લેર લેઈટનને આ પેઈન્ટિંગ બનાવ્યું હતું. બોનહેમ્સના હેડ ઓફ સેલ રાયનન ડેમરીએ જણાવ્યું કે, મહાત્મા ગાંધીનું એકમાત્ર ઓઈલ પેઈન્ટિંગ અગાઉ ક્યારેય હરાજીમાં રજૂ કરવામાં આવ્યું ન હતું.ક્લેર લેઈટને આ પેઈન્ટિંગનું નામ પોર્ટ્રેટ ઓફ મહાત્મા ગાંધી રાખ્યું હતું. આ ચિત્ર ૧૯૩૧નું છે, જ્યારે મહાત્મા ગાંધી બીજી રાઉન્ડ ટેબલ કોન્ફરન્સમાં હાજરી આપવા લંડન ગયા હતા. આ ચિત્ર બનાવનાર આર્ટિસ્ટ ક્લેર લેઈટન તે સમયે પ્રખ્યાત રાજકીય પત્રકાર હેનરી નોએલ સાથે રિલેશનશિપમાં હતા. હેનરી ભારતની સ્વતંત્રતાના પ્રબળ સમર્થકોમાંના એક હતા. આવી સ્થિતિમાં, હેનરી મહાત્મા ગાંધીને મળ્યા અને આ બહાને લેઈટનને પણ ગાંધીજીને મળવાની તક મળી હતી.આ મુલાકાત દરમિયાન લેઈટને ગાંધીજીનું ચિત્ર દોરવાની ઓફર કરી હતી અને ગાંધીજી તેના માની ગયા હતા. ગાંધીજી પોટ્રેટ મોડમાં બેઠા હતા અને લેઈટને તેમનું પેઈન્ટિંગ બનાવ્યું હતું. ગાંધીજીને પણ આ ઓઈલ પેઈન્ટિંગ ખૂબ ગમ્યું હતું. હવે ૯૪ વર્ષ પછી આ ચિત્રની હરાજી કરવામાં આવી છે.

### AAPએ સંગઠનને વધુ મજબૂત કરવા નિર્ણય લીધો

# ડો. કરન બારોટની ગુજરાતના નવા મુખ્ય પ્રવક્તા તરીકે નિમણૂંક

## પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી અને પ્રદેશ મહામંત્રી મનોજ સોરઠીયાના માર્ગદર્શન હેઠળ આ નિર્ણય લેવામાં આવ્યો

અમદાવાદ, તા.૧૭

ગુજરાતમાં રાજકીય ગતિવિધિઓ વચ્ચે આમ આદમી પાર્ટી (AAP)એ સંગઠનને વધુ મજબૂત કરવા માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. પાર્ટી દ્વારા ડો. કરન બારોટની ગુજરાતના નવા મુખ્ય પ્રવકતા તરીકે નિમણૂક કરવામાં આવી છે. પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી અને પ્રદેશ મહામંત્રી મનોજ સોરઠીયાના માર્ગદર્શન હેઠળ આ નિર્ણય લેવામાં આવ્યો છે.

પાર્ટીના આ નિર્ણયને આગામી સમયમાં યોજાનારી વિધાનસભા ચૂંટણીની તૈયારીઓના ભાગરૂપે જોવામાં આવી રહ્યો છે. ડો. બારોટની નિમણૂકથી પાર્ટી સંગઠનમાં યુવા નેતૃત્વને પ્રોત્સાહન આપવા પર ભાર મૂકી રહી છે.

AAP દ્વારા નિયુક્તિનો આ દોર શરૂ થતાં ગુજરાતમાં યુવાઓને રાજકારણમાં વધુ સક્રિય થવાની તક મળી રહી છે. આ પગલાથી પાર્ટી પોતાની નીતિઓ અને કાર્યક્રમોને લોકો સુધી વધુ અસરકારક રીતે પહોંચાડી શકશે તેવી અપેક્ષા છે. તમને જણાવી દઈએ કે, તાજેતરમાં જ વિસાવદર વિધાનસભા બેઠક પરથી ગોપાલ ઈટાલીયાની જીત થઈ છે. જે બાદ પાર્ટી કાર્યકર્તાઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

ગુજરાતમાં ૧૯ જૂન ગુજરાતની બે વિધાનસભા બેઠકો કડી અને વિસાવદરમાં પેટાચૂંટણી યોજાઈ હતી. જેમાં વિસાવદરથી આમ આદમી પાર્ટીના નેતા ગોપાલ ઈટાલિયા અને કડી બેઠક પરથી ભાજપ નેતા રાજેન્દ્ર ચાવડા વિજેતા થયા હતા. આ બંને ધારાસભ્યો બુધવારે (૧૬ જુલાઈ) શપથવિધિ નક્કી કરાઈ હતી. ગોપાલ ઈટાલિયા ૧૧ વાગ્યે સમર્થકોની ઉપસ્થિતિમાં શપથ લીધા હતા.વિધાનસભા અધ્યક્ષની ચેમ્બરમાં શપથવિધિ યોજાઈ હતી. વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ ગોપાલ ઈટાલિયાને શપથ લેવડાવ્યાં હતા.

વિધાનસભા અધ્યક્ષની ચેમ્બરમાં શપથવિધિ યોજાઈ હતી. વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ ગોપાલ ઈટાલિયાને શપથ લેવડાવ્યાં હતા. આ અવસરે ઈસુદાન ગઢવી AAPના ધારાસભ્યો અને ગોપાલ ઈટાલિયાના સમર્થકો અને મહામંત્રી મનોજ સોરઠીયા પણ ઉપસ્થિત રહ્યાં હતા. ઉલ્લેખનિય છે કે, ગોપાલ ઈટાલિયા માનભેર સચિવાલયમાં કર્યો હતો, ગોપાલ ઈટાલિયા પર અત્યાર સુધી સચિવાલયમાં પ્રવેશબંધી હતી. તત્કાલિન ગૃહ રાજ્યમંત્રી પર જૂતું ફેંકતા તેમની સચિવાલયમાં પ્રવેશ પર પ્રતિબંધ હતો.

### રાજકીય યાત્રા તેમજ બલિદાનો વિશે પણ વાત કરી

# ઉમા ભારતીએ હાલમાં એક પોસ્ટ દ્વારા પોતાની જ પાર્ટી પર પ્રહાર કર્યા

## મારી છબીની ચિંતાએ મારા ભાઈ-ભત્રીજાઓને તેમની ક્ષમતાઓ અનુસાર પ્રગતિ કરતા અટકાવ્યા હતા

ભોપાલ, તા.૧૭

ભાજપના સીનિયર નેતા અને મધ્ય પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી ઉમા ભારતીએ હાલમાં એક પોસ્ટ દ્વારા પોતાની જ પાર્ટી પર પ્રહાર કર્યા છે. પોતાના ભત્રીજા રાહુલ લોધીને ટિકિટ મળવાને લઈને તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, આ કોઈ મહેરબાની નથી કરી, પરંતુ પાર્ટીની મજબૂરી હતી. જોકે, આ પોસ્ટમાં તેમણે પોતાના પરિવાર અને રાજકીય યાત્રા તેમજ બલિદાનો વિશે પણ વાત કરી, જે હાલ ચર્ચાનો વિષય બની છે.

ઉમા ભારતીએ ૧૬ જુલાઈએ સોશિયલ મીડિયા પોસ્ટ X પર અનેક પોસ્ટ કરી હતી. જેમાં તેમણે કહ્યું કે, મારી છબીની ચિંતાએ મારા ભાઈ-ભત્રીજાઓને તેમની ક્ષમતાઓ અનુસાર પ્રગતિ કરતા અટકાવ્યા હતા. રાહુલને ટિકિટ આપવી પાર્ટી માટે જરૂરી હતું. કારણ કે, બુંદેલખંડમાં ભાજપને નુકસાન થઈ શકે છે. મારા કારણે પરિવાર પર લૂંટ જેવા ખોટા આરોપો લગાવવામાં આવ્યા હતા, જોકે કોર્ટે દરેક વખતે તેમને નિર્દોષ સાબિત કર્યા.


આ સાથે તેમણે એ વાતનો પણ ઉલ્લેખ કર્યો કે, જો મને ચૂંટણી લડાવવામાં ન આવી હોત, તો મારો ભાઈ-ભત્રીજો પહેલા જ સાંસદ કે ધારાસભ્ય બની ગયા હોત. રાહુલ લોધીની ખડગપુરથી ૨૦૧૮માં થયેલી વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવારી પત્રમાં ગેરરીતિના કારણે મધ્ય પ્રદેશ હાઈકોર્ટે તેની ઉમેદવારી રદ કરી હતી. ઉમા ભારતીએ કહ્યું કે, ગ્રામ ડૂંડા, જિલ્લા ટીકમગઢના લોધીવંશના જે પરિવારમાં જન્મી છું, ત્યાં મારા સંન્યસ્ત જીવન પહેલાં ચાર ભાઈ અને એક બહેન હતી. જેમાંથી બે મોટા ભાઈનું તેમજ એક માત્ર બહેનનું નિધન થઈ ગયું. હું સૌથી નાની હતી અને મને ખૂબ લાડ લડાવવામાં આવ્યા હતા. ત્યારબાદ ૬ વર્ષની ઉંમરથી સામાજિક જીવનમાં આવીને પ્રવચન શરૂ કરી દીધા. દેશ-વિદેશમાં મારા પ્રવચન સંભાળનારા લોકોએ મને બાલ ગોપાલ જ કહી દીધું. મારા પરિવારે મારા રાજકારણના કારણે ઘણી પીડા સહન કરી છે. સરકાર ભલે કોંગ્રેસની રહી હોય કે ભાજપની, મારા કારણે તેમને ખૂબ પીડા સહન કરવી પડી. લૂંટી અને ચોરી જેવા ખોટા આરોપોમાં કોર્ટમાં નિર્દોષ સાબિત થયા. તેમ છતા મારા ભાઈઓના સંતાનોએ મારી છબીની ચિંતાના કારણે તે પોતે જેટલી યોગ્યતા ધરાવે છે, તેટલી પ્રગતિ ન કરી શક્યા. મારા એક ભાઈના દીકરા રાહુલને ટિકિટ આપીને પાર્ટીએ કોઈ મહેરબાની નથી કરી, આ તેમની મજબૂરી હતી.

### રાજામૌલિ તાન્ઝાનિયામાં સેટ બનાવવાના વિકલ્પો શોધી રહ્યા છે

# રાજામૌલિનું પ્રિયંકા અને મહેશબાબુ સાથે કેન્યાનું શૂટ રદ થયું

મુંબઈ, તા.૧૭

ફિલ્મ ડિરેક્ટર એસ.એસ. રાજામૌલિ એક મોટા બજેટની જંગલ એડવેન્ચર ફિલ્મ બનાવી રહ્યા હોવાના અહેવાલ અવાર નવાર આવી રહ્યા છે, જેમાં પ્રિયંકા ચોપરા અને મહેશ બાબુ લીડ રોલમાં છે. તેમણે આ ફિલ્મ માટે હૈદ્રાબાદમાં અને ઓરિસ્સામાં શૂટ કરી લીધું હોવાના પણ અહેવાલો આવ્યા છે. જોકે, હજુ સુધી રાજામૌલિની ટીમ, પ્રિયંકા કે મહેશબાબુ તરફથી આ અંગે કોઈ જ વાત કરવામાં આવતી નથી. એવા અહેવાલ હતા કે ભારતનું શૂટ કરીને તેઓ કેન્યા જવા રવાના થયા હતા.પરંતુ હવે એવા અહેવાલો છે કે અચાનક જ રાજામૌલિએ કેન્યાનું શૂટિંગ રદ્દ કરી દીધું છે અને તેઓ શૂટિંગનું સ્થળ પણ બદલી રહ્યાં છે. આળિકાના દેશોમાં અજંપાભરી સ્થિતિને કારણે તેઓ ત્યાં શૂટ કરી શકે તેમ નથી. શરૂઆતમાં તેઓ જુલાઈ મહિનામાં કેન્યામાં શૂટ શરૂ કરવાના હતા, પરંતુ તાજેતરના અહેવાલો અનુસાર સરકાર વિરોધી આંદોલનો અને જનતાની અજંપાભરી સ્થિતી ધીરે ધીરે વધી રહી છે, ત્યારે ફિલ્મની ટીમે ક્રૂ અને કલાકારોને પ્રાથમિકતા આપવાનું વિચાર્યુ અને તેઓ અન્ય દેશમાં શૂટ કરી શકાય એવા સ્થળોના વિકલ્પો શોધી રહ્યા છે.એવી ચર્ચા છે કે રાજામૌલિ હવે સાઉથ આફ્રિકા અને તાન્ઝઆનિયામાં શૂટ કરવાના વિકલ્પો શોધી રહ્યા છે, જ્યાં



તેમની કલ્પના અને ઈચ્છા મુજબના ભૌગોલિક સ્થળો અને વિસ્તારો મળી રહેશે. ફિલ્મના એક ક્રૂ મેમ્બરના જણાવ્યા અનુસાર, ‘‘રાજામૌલિ સર સ્પષ્ટ હતા કે એમને એવા સ્થળોમાં શૂટ કરવું છે, જે ભારતીય સિનેમામાં પહેલાં ક્યારેય જોવા ન મળ્યા હોય. તાન્ઝાનિયાના પહાડો અને સાઉથ આફ્રિકાના કેટલાક હિસ્સા તેમાં બંધ બેસે છે.’’ આ અહેવાલોમાં આગળ એવું પણ જણાવાયું છે કે પ્રોડક્શન ટીમ હવે અન્ય સ્થળો પર શૂટ કરવાના વિકલ્પો શોધી રહી છે. જો તેમને શૂટ માટે મંજુરી મળી હઈ તો તેઓ જુલાઈના ત્રીજા અઠવાડિયા સુધીમાં સાઉથ આળિકામાં શૂટ શરૂ કરી દેશે. રાજામૌલિની આગળની ફિલ્મ ‘બાહુબલી’ અને ‘આરઆરઆર’ને વિશ્વ કક્ષાએ મળેલ સફળતાને કારણે આ ફિલ્મ પાસે પણ ઘણી અપેક્ષાઓ છે.

# કોંગ્રેસે નવા પ્રદેશ પ્રમુખની કરી જાહેરાત, અમિત ચાવડાને મળી કમાન

## કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ડો. તુષાર ચૌધરીને વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના નેતા બનાવ્યા

ગાંધીનગર, તા.૧૭

ગુજરાત કોંગ્રેસમાં મોટું પરિવર્તન થઈ ગયું છે. શક્તિસિંહ ગોહિલ બાદ પાર્ટીએ નવા પ્રદેશ પ્રમુખની જાહેરાત કરી દીધી છે. કોંગ્રેસે અમિત ચાવડાને ફરી પ્રદેશ પ્રમુખ બનાવ્યા છે. આંકલાવથી ધારાસભ્ય અમિત ચાવડા આ પહેલા કોંગ્રેસની કમાન સંભાળી ચૂક્યા છે. આ સાથે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ડો. તુષાર ચૌધરીને વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના નેતા બનાવ્યા છે.

ગુજરાતમાં ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસને માત્ર ૧૭ બેઠકો મળી હતી. પાર્ટીએ અમિત ચાવડાને વિધાનસભામાં પક્ષના નેતા બનાવ્યા હતા. અમિત ચાવડા આ પહેલા વિધાનસભામાં ઉપદંડક અને દંડકની જવાબદારી પણ સંભાળી ચૂક્યા છે. આ સિવાય ગુજરાત વિધાનસભાની અલગ-અલગ સમિતિમાં પણ રહી ચૂક્યા છે. અમિત ચાવડાએ ૨૦૧૮થી ૨૦૨૧ સુધી ગુજરાત કોંગ્રેસના પ્રમુખ તરીકે જવાબદારી સંભાળી હતી.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ખેડબ્રહ્મથી



ધારાસભ્ય અને આદિવાસી નેતા તુષાર ચૌધરીને વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના નેતાની જવાબદારી સોંપી છે. તુષાર ચૌધરી એક અનુભવી નેતા છે.

તુષાર ચૌધરી કેન્દ્ર સરકારમાં રાજય મંત્રી પણ રહી ચૂક્યા છે. તુષાર ચૌધરી પ્રથમવાર ૨૦૦૨મા વ્યારાથી ચૂંટણી જીતી ગુજરાત વિધાનસભા પહોંચ્યા હતા. ત્યારબાદ ૨૦૦૪મા માંડવી મતવિસ્તારમાંથી લોકસભાના સાંસદ બન્યા હતા.

૨૦૦૯મા તુષાર ચૌધરીએ બારડોલી લોકસભા બેઠક પરથી જીત મેળવી હતી. ૨૮ મે ૨૦૦૯થી ૨૮ સપ્ટેમ્બર ૨૦૧૨ સુધી કેન્દ્રમાં આદિવાસી બાબતોના રાજ્યમંત્રી રહ્યા હતા. ત્યારબાદ માર્ગ પરિવહન અને ધોરીમાર્ગના રાજ્યમંત્રી બન્યા હતા.



૨૦૨૨ની વિધાનસભામાંથી તેમણે ખેડબ્રહ્મા વિધાનસભા બેઠક પરથી જીત મેળવી હતી.

કોણ છે અમિત ચાવડા?

- અમિત ચાવડાનો જન્મ ૨૪ એપ્રિલ ૧૯૭૬માં થયો હતો.
- અમિત ચાવડા કેમિકલ એન્જિનિયર (૧૯૯૫)ની ડિગ્રી ધરાવે છે
- અમિત ચાવડાની ઉંમર ૪૯ વર્ષ છે
- ૨૦૦૪માં પ્રથમ વખત બોરસદથી વિધાનસભાની ચૂંટણી જીત્યા
- ૨૦૦૪મા બોરસદથી પ્રથમવાર વિધાનસભા ચૂંટણી જીત્યા
- ૨૦૦૭મા બોરસદથી બીજીવાર ધારાસભ્ય બન્યા
- ૨૦૧૨, ૨૦૧૭ અને ૨૦૨૨મા આંકલાવથી વિધાનસભા ચૂંટણી જીતી ધારાસભ્ય બન્યા

### મહાગઠબંધનને જોડી રાખવાનો પ્રયાસ

# બિહાર વિધાનસભામાં કોંગ્રેસ ૫૦-૬૦ બેઠકો પર ચૂંટણી લડશે

## આરજેડી અને વામ પક્ષ વચ્ચે બેઠક ફાળવણી મુદ્દે ચર્ચા

પટણા, તા.૧૭

બિહારમાં વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ની તાડામાર તૈયારીઓ ચાલી રહી છે. એનડીએ અને મહાગઠબંધનમાં બેઠક ફાળવણી મુદ્દે મનોમંથન ચાલી રહ્યું છે. મહાગઠબંધનમાં સામેલ કોંગ્રેસના ભાગમાં ૨૦૨૦ની તુલનાએ ઓછી બેઠકો આવી શકે છે. પક્ષ ૫૦થી ૬૦ બેઠક પર ચૂંટણી લડી શકે છે. જ્યારે આરજેડી અને વામ પક્ષ વચ્ચે બેઠક ફાળવણી મુદ્દે વાતચીત ચાલી રહી છે.

કોંગ્રેસ પાર્ટીના એક નેતાએ મીડિયાને જણાવ્યું હતું કે, કોંગ્રેસ આ વખતે ચૂંટણીમાં ૫૦થી ૬૦ બેઠક પર ઉમેદવારો ઉભા રાખશે. તે વધુ બેઠકો પર ચૂંટણી લડવાના બદલે એવી બેઠક પર ફોકસ કરશે, જ્યાં તેની જીતવાની સંભાવના વધુ છે. સાથે કોંગ્રેસ આ સુનિશ્ચિત કરવા માગે છે કે, બેઠક ફાળવણી મુદ્દે મહાગઠબંધનમાં કોઈ મનદુઃખ ન થાય.

બિહારમાં ૨૦૨૦માં વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ ૭૦ બેઠક પર ચૂંટણી લડી હતી. પરંતુ માત્ર ૧૯ બેઠક જ જીતી શકી હતી. આરજેડીના નેતૃત્વ હેઠળ મહાગઠબંધન ખૂબ ઓછા મત સાથે પરાજિત થયુ હતું. પરાજયનો દોષનો ટોપલો કોંગ્રેસના માથે ઢોળાયો હતો. ગઠબંધનમાં સામેલ અન્ય પક્ષો જેમ કે, સીપીએમ, સીપીઆઈ અને સીપીઆઈ (એમએલ)નો સ્ટ્રાઈક રેટ કોંગ્રેસ કરતાં વધુ સારો રહ્યો હતો. આરજેડી ૭૫ બેઠક જીતી રાજ્યની સૌથી મોટી પાર્ટી બની હતી. મહાગઠબંધનના ખાતામાં એકંદરે ૧૧૦ બેઠક આવી હતી.

૨૦૨૦ની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસનું નબળુ પ્રદર્શન જોવા મળ્યું હતું. પરંતુ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં પક્ષે સારૂ પ્રદર્શન કર્યું હતું. લોકસભા ચૂંટણીમાં આરજેડી ૨૩ બેઠકમાંથી માત્ર ચાર બેઠક પર જીત હાંસલ કરી હતી, જ્યારે કોંગ્રેસે નવ બેઠકમાંથી ત્રણ બેઠક પર જીત મેળવી હતી. ૨૦૨૪ની સંસદીય ચૂંટણીના પરિણામોએ કોંગ્રેસનું મનોબળ વધાર્યું છે. હરિયાણા અને મહારાષ્ટ્રમાં કારમી હાર બાદ તે બિહારમાં જીત મેળવવા એડીચોટીનું જોર લગાવી રહી છે. જેના માટે કોંગ્રેસ મહાગઠબંધનમાં કોઈ મડાગાંઠ ઉભી ન થાય તેનું ખાસ ધ્યાન રાખી રહી છે. પછાત વર્ગનો સંપર્ક સાધી મહાગઠબંધનને મજબૂત બનાવવાનો પ્રયાસ કરી રહી છે.

### ૪૦૦ જેટલા પશુઓનું લમ્પી વાયરસ સામે રસીકરણ કરાયું

# ગોંડલમાં લમ્પી વાયરસથી ત્રણ પશુઓનાં મોતથી હડકંપ

## અગાઉ પણ લમ્પી વાયરસ અનેક પશુઓનો ભોગ લઈ ચૂક્યો છે, ત્યારે તેના પુનરાગમનથી ચિંતા વધી છે

ગોંડલ, તા.૧૭

ગોંડલ તાલુકાના હડમતાળા ગામમાં ફરી એકવાર લમ્પી વાયરસનો પ્રકોપ જોવા મળ્યો છે. આ વાયરસના કારણે ત્રણ પશુઓના મોત થતાં પશુપાલકોમાં ભયનો માહોલ છવાયો છે. અગાઉ પણ લમ્પી વાયરસ અનેક પશુઓનો ભોગ લઈ ચૂક્યો છે, ત્યારે તેના પુનરાગમનથી ચિંતા વધી છે.ગોંડલ પંથકમાં લમ્પી વાયરસથી ત્રણ પશુઓના મોત બાદ પશુપાલકો દ્વારા ગોંડલ તાલુકાના વેટરનરી ઓફિસર ડો. જગદીશ ચૌધરીનો સંપર્ક કરવામાં આવ્યો હતો. તેમણે તાત્કાલિક તેમની ટીમ સાથે હડમતાળા પહોંચીને ૪૦૦ જેટલા પશુઓનું લમ્પી વાયરસ સામે રસીકરણ કર્યું હતું.

### ૧૫ હજાર ફૂટથી મિસાઈલે સચોટ નિશાન લગાવ્યું

# ભારતે ઘાતક હથિયારનું સફળ રીતે પરીક્ષણ કર્યું

## નવી સિસ્ટમ સેનાના બે વધુ એકમોમાં સમાવવામાં આવશે

લદ્દાખ, તા.૧૭

ભારતીય સેનાએ બુધવારે લદ્દાખ ક્ષેત્રમાં ૧૫,૦૦૦ ફૂટથી વધુની ઊંચાઈએ સ્વદેશી રીતે વિકસિત આકાશ પ્રાઈમ એર ડિફેન્સ સિસ્ટમનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું હતું. ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (ડ્ઢઇર્ડ્ઢ)ના વરિષ્ઠ અધિકારીઓ અને એર ડિફેન્સ યુનિટ દ્વારા આ આ નવી સપાટીથી હવામાં પ્રહાર કરતી મિસાઈલ સિસ્ટમનું સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું.

પરીક્ષણ દરમિયાન સપાટીથી હવામાં પ્રહાર કરતી આકાશ મિસાઈલે ખૂબ જ ઊંચી ગતિએ ઉડતા હવાઈ લક્ષ્યો પર સચોટ નિશાન સાધ્યું હતું. આ પરીક્ષણ ખૂબ જ ઊંચાઈવાળા વિસ્તારમાં કરવામાં આવ્યું હતું. આકાશ પ્રાઈમ સિસ્ટમ હવે ભારતીય સેનાના હવાઈ સંરક્ષણના ત્રીજા અને ચોથા એકમ (રેજિમેન્ટ)નો ભાગ બનશે. આનો અર્થ એ થયો કે હવે આ નવી સિસ્ટમ સેનાના બે વધુ એકમોમાં સમાવવામાં આવશે જેથી દુશ્મનના હવાઈ હુમલાઓ સામે વધુ સારી સુરક્ષા પૂરી પાડી શકાય.

આકાશ પ્રાઈમ ૧૫ હજાર ફૂટની ઊંચાઈએ સ્થાપિત કરી શકાય છે. તે લગભગ ૨૫-૩૦ કિલોમીટરના અંતરે સ્થિત લક્ષ્ય પર પ્રહાર કરી શકે છે.તેમજ આ સફળ પરીક્ષણથી ચીન અને પાકિસ્તાનને સ્પષ્ટ સંદેશ પણ મળ્યો છે કે ભારતીય સેના સતત મજબૂત થઈ રહી છે. આ સિસ્ટમ ડ્ઢઇર્ડ્ઢ દ્વારા જ વિકસાવવામાં આવી છે. આ પરીક્ષણમાં જાણવા મળ્યું છે કે આ સિસ્ટમ લદ્દાખના પડકારજનક હવામાનમાં સચોટ પ્રહારો કરવા સક્ષમ છે. આકાશ પ્રાઈમ એ હવાઈ સંરક્ષણ માટે ઉપયોગમાં લેવાતી હાલની આકાશ સિસ્ટમનું લેટેસ્ટ વર્ઝન છે. આ સિસ્ટમ સ્વદેશી સક્રિય રેડિયો ફ્રીક્વન્સીથી સજ્જ છે. તેમાં અનેક સુધારા કરવામાં આવ્યા છે, જેમાં સૌથી મહત્ત્વનો સુધારો એ છે કે તેનો ઉપયોગ સૌથી ઊંચા પર્વતીય વિસ્તારોમાં ભારે ઠંડીમાં પણ ચોકસાઈ સાથે થઈ શકે છે. સંરક્ષણ અધિકારીના જણાવ્યા મુજબ, આ સિસ્ટમે ઓપરેશન સિંદૂર દરમિયાન પણ ખૂબ જ સારું પ્રદર્શન કર્યું હતું. તેમજ આ જ સિસ્ટમે ચીની વિમાનો અને તુર્કી ડ્રોન દ્વારા પાકિસ્તાન સેના દ્વારા કરવામાં આવેલા હવાઈ હુમલાઓને સફળતાપૂર્વક નિષ્ફળ બનાવ્યા હતા. આકાશ પ્રાઈમ સિસ્ટમ સંરક્ષણ ટેક્નોલોજીમાં ખાસ કરીને હવાઈ સુરક્ષા જેવા મુખ્ય ક્ષેત્રમાં આત્મનિર્ભર બનવાના ભારતના મોટા પ્રયાસનો એક ભાગ છે.

અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે, સ્વદેશી રીતે વિકસિત આકાશ સપાટીથી હવામાં પ્રહાર કરતી મિસાઈલ સિસ્ટમ જમ્મુ અને કાશ્મીરમાં પશ્ચિમી સરહદ અને લાઈન ઓફ કંટ્રોલ (LoC) પર પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા ઘણા ડ્રોન હુમલાઓને રોકવામાં ખૂબ મદદરૂપ સાબિત થઈ છે.

### અમદાવાદ પ્લેન ક્રેશ મામલે પાયલટ યુનિયનનો વિરોધ

# તપાસ પહેલા જ પાયલટની ભૂલની વાત કરવી અયોગ્ય

## એક પાયલટ સંગઠને પાયલટ પર કરવામાં આવતા દોષારોપણને ઉતાવળિયું અને બેજવાબદારી પૂર્વકનું વર્તન જણાવ્યું

નવી દિલ્હી, તા.૧૭

એર ઈન્ડિયા વિમાન દુર્ઘટના મામલે અમેરિકન તપાસ રિપોર્ટ આવ્યા બાદ વિવાદ તેજ થઈ રહ્યો છે. એક પાયલટ સંગઠને પાયલટ પર કરવામાં આવતા દોષારોપણને ઉતાવળિયું અને બેજવાબદારી પૂર્વકનું વર્તન જણાવ્યું.

પાયલટ સંગઠનનું આ નિવેદન ત્યારે સામે આવ્યું છે, જ્યારે એક નવા અમેરિકન રિપોર્ટમાં કૉકપિટ રેકોર્ડિંગને ટાંકીને દાવો કરવામાં આવી રહ્યો છે કે, કેપ્ટને એન્જિનમાં ફ્યુલની સપ્લાઈ બંધ કરી દીધી હતી, જેના કારણે અકસ્માત સર્જાયો.

વૉલ સ્ટ્રીટ જર્નલના અહેવાલ અનુસાર, બ્લેક બૉક્સ રેકોર્ડિંગથી એ જાણકારી મળી છે કે, ઉડાન દરમિયાન કેપ્ટને એન્જિનની ફ્યુલ કંટ્રોલ સ્વિચ બંધ કરી દીધી હતી, જેનાથી વિમાને કામ કરવાનું બંધ કરી દીધું અને ગંભીર સ્થિતિ ઊભી થઈ હતી.

આ રિપોર્ટના સામે આવતાની સાથે જ ભારતીય પાયલટ સંગઠન ફેડરેશન ઑફ ઈન્ડિયન પાયલટ્સ (FIP) એ સત્તાવાર નિવેદન જાહેર કરતા રિપોર્ટની ભાષા, નિષ્કર્ષ અને નિષ્પક્ષતા પર સવાલ ઊભા કર્યા છે. FIP ના અધ્યક્ષ કેપ્ટન સી. એસ, રંધાવાના નામથી જાહેર કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું કે, પાયલટ પ્રતિનિધિઓને તપાસ પ્રક્રિયામાંથી બહાર રાખવાને લઈને અમે ગંભીર અસંતોષ વ્યક્ત કર્યો છે. જે પ્રાથમિક રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે, તે ન તો પૂરો છે અને ન નિષ્પક્ષ. તેમાં ફક્ત ગણતરીના કૉકપિટ ઓડિયોને તોડી-મરોડીને પાયલટની ક્ષમતા અને નિયત પર સવાલ કરવામાં આવી હ્યા છે, જે સંપૂર્ણ રીતે અયોગ્ય છે. પૂર્ણ, પારદર્શી અને ડેટા-આધારિત તપાસ પહેલાં કોઈના માથે પણ દોષનું ઠીકરૂ ફોડવું ન ફક્ત બેજવાબદારી છે પરંતુ, તેનાથી મૃતક અને પાયલટના પરિવાર અને સહકર્મીઓને પણ ભારે આઘાત પહોંચે છે. અમે મીડિયા અને અન્ય સંબંધિત સંસ્થાઓને અપીલ કરીએ છીએ કે, આંશિક તથ્યો પર આધારિત નેરેટિવથી બચો અને નિષ્પક્ષ પ્રક્રિયાનું સન્માન કરો.

જણાવી દઈએ કે, અમદાવાદમાં એર ઈન્ડિયાનું જે વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું તેની કમાન ૫૬ વર્ષીય પાયલ સુમિત સબ્બરવાલ અને ક્લાઈવ કુંદરના હાથમાં હતી. સુમિત પાસે કુલ ૧૫,૬૩૮ કલાકની ઉડાનનો અનુભવ હતો. વળી વિમાનના કો-પાયલટ ૩૨ વર્ષીય ક્લાઈવ કુંદર પાસે કુલ ૩,૪૦૩ કલાકનો ઉડાન અનુભવ હતો.

# અમરેલીનાં વરૂડી-નાના આંકડિયા અને પ્રતાપપરા એપ્રોચ રોડનું ડામર પેવર પટ્ટા દ્વારા સમારકામ






અમરેલીના વરૂડી-નાના આંકડિયા અને પ્રતાપપરા એપ્રોચ રોડની ડામર પેવર પટ્ટા દ્વારા સમારકામની કામગીરી અમરેલી માર્ગ અને મકાન પંચાયત તંત્ર દ્વારા પૂર્ણ કરવામાં આવી છે. અમરેલી જિલ્લાના માર્ગ અને મકાન પંચાયત પેટા વિભાગ હેઠળના આશરે ૧ કિ.મી.નો વરૂડી-નાના આંકડિયા તથા ૧.૫ કિ.મી.નો પ્રતાપપરા એપ્રોચ રોડને એમએસએસ એટલે કે મિકસ સીલ સરફેસ મટીરિયલ દ્વારા પેવર પટ્ટા કરવામાં આવ્યા છે. પેવાર મશીન દ્વારા રોડની સપાટીને સમથળ કરવા માટે ૨૦ એમએમ જેટલી જાડાઈ ધરાવતું એમએસએસ મટીરિયલ પાથરવામાં આવ્યું હતું. ત્યારબાદ રોલરના ઉપયોગથી રસ્તાની સપાટીને મજબૂત કરવામાં આવી હતી. ઉપરાંત રસ્તાની જૂની સપાટી સાથે નવા મટીરિયલનું જોડાણ થઈ શકે તે માટે રસ્તા પર ટેકકોટનો પણ છંટકાવ કરવામાં આવ્યો હતો. અમરેલી માર્ગ અને મકાન પંચાયત પેટા વિભાગ હેઠળના ૩ મેજર અને ૮ માઈનોર બ્રીજની ચકાસણીની પણ કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. વરસાદથી ખવાણ થયેલા કેરિયાચાડ બ્રિજની મરામત કામગીરી કરવામાં આવી રહી છે જે પણ ટૂંક સમયમાં પૂર્ણ કરી દેવામાં આવશે, તેમ અમરેલી જિલ્લા માર્ગ અને મકાન અમરેલી પેટા વિભાગના કાર્યપાલક નાયબ કાર્યપાલક ઈજનેર રાધિકાબેન ગઢીયાએ જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, ભારે વરસાદના પગલે અસરગ્રસ્ત બનેલા રસ્તાઓની મરામતની કામગીરી તંત્ર દ્વારા પૂરજોશમાં કરવામાં આવી રહી છે.

## પાના ૧ ઉપરનું ચાલું બાઈક સવાર આધેડનુ મોત

થતાં મોત નિપજયું હતું.

આ બનાવમાં પોલીસ સૂત્રોમાંથી મળતી વિગત મુજબ લાઠી તાલુકાના ઈંગોરાળા ગામે રહેતા અનવરભાઈ ફતેભાઈ શેખ નામના ૫૫ વર્ષિય આધેડ ગઈકાલે અમરેલી ગયેલ હોય અને ત્યાંથી તેમનવા હવાલાવાળા મોટર સાઈકલ નંબર જીજે-૧૪ એબી-૩૯૮૧નું લઈને અમરેલીથી ઈંગોરાળા ગામ તરફ પરત આવતા હોય ત્યારે ગઈકાલે આશરે રાત્રે આઠેક વાગે લુવારીયા ગામથી આસોદર ગામ વચ્ચે રોડ પર ગોરખભાઈ ડેરની વાડી પાસે પહોચતા સામેથી એક મોટર સાઈકલ નં એમ.પી.-૬૯ ઝેડ.સી.-૩૨૭૨નાં ચાલકે પોતાના હવાલાવાળું મોટર સાઈકલ પુર ઝડપે અને બેફિકરાઈ રીતે ચલાવી અનવરભાઈ ફતેભાઈ શેખના મોટર સાયકલ સાથે ભટકાવી અનવરભાઈ શેખને શરીરે ગંભીર ઈજાઓ કરી તેમનું મોત નિપજાવ્યાની લાઠી પોલીસ પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## પાના ૧ ઉપરનું ચાલું વડિયા પંથકમાં અસામાજીક તત્વોનાં

જિલ્લાના છેવાડાના ગ્રામીણ તાલુકા એવા વડિયા કુંકાવાવના વડિયા વિસ્તારમાં જિલ્લા પોલીસ વડા સંજય ખરાતની સૂચનાથી વડિયા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ ગાંગણા અને તેમની ટીમ દ્વારા વડિયા પીજીવીસીએલની ટીમને સાથે રાખીને પોલીસના ચોપડે નોંધાયેલા અસામાજિક તત્વોના નિવાસસ્થાનો પર રેડ કરીને વિજચોરી અને ગુનાહિત પ્રવુતિ કરતા આવા માથાભારે શખ્સો સામે લાલ આંખ કરીને તપાસ કરતા વડિયાના તોરી ગામેથી ચિરાગપરી ચંદુપરી ગોસાઈ અને ખાનખીજડીયા ગામે કુલદીપ ભીખાભાઈ બસીયા આ બંને શખ્સો વીજચોરી કરતા પકડાયા હતા. આ બંને શખ્સો વિરૂધ્ધ વીજ તંત્રએ જરૂરી પુરાવા એકત્ર કરી મુદ્દામાલ કબજે કરીને આગળની નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરવામા આવી હતી. આ તપાસમાં વડિયા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ ગાંગણા અને તેમનો સ્ટાફ અને પીજીવીસીએલના અધિકારઓ અને સ્ટાફ જોડાયા હતા. પોલીસ અને વિજતંત્રની આ કામગીરીથી સમગ્ર વિસ્તારમાં ગુનાહિત પ્રવુતિ ધરાવતા લોકોમાં ફાફડાટ ફેલાતો જોવા મળ્યો હતો.


## જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર : **સુરેશચંદ્ર બી. તેરૈયા (એડવોકેટ)** તે અમારા અસીલ **(૧) જયદિપભાઈ ચુનીલાલ સોળીયા (૨) ખુશાલભાઈ મનસુખભાઈ વસાણીયા** બન્ને રહે. બાબરાવાળાની સુચના અનુસાર લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટિસથી જાણ / તાકી કરૂં છું કે,

અમારા અસીલ એ અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે-બાબરા ગામે જુના ગામતળ વિસ્તારમાં કલાલ ચોકમાં પૂર્વ દિશાએ આવેલ દુકાનો પૈકી દુકાન-૧ કે જેનું માપ ચો.મી.૧૫.૩૮ છે. અને તેની પાછળ આવેલ લાગુ ખુલ્લી જગ્યા ચો.મી.૧૮.૫૯ તેમજ દુકાનના ઘાબાની કુલ ક્ષેત્રફળ ચો.મી.૧૮૩.૩૫ ના હક્કની દુકાન જેના સીટીસર્વે નં.-૨૧૦૫, ૨૧૦૬, ૨૧૦૭ છે, અને આ મિલ્કત નગરપાલિકા કચેરી બાબરાના આકારણી અનુક્રમ નંબર / ટેનામેન્ટ નં.-૧૦૦૭૭૫૦૨ ઉપર નોંધાયેલ છે, આ મિલ્કત અમારા અસીલ એ રજી. વેચાણ દસ્તાવેજ નં.-૭૬૨/૨૦૨૫ થી ડો.વિભાબેન નિષીધભાઈ વેલાણી પાસેથી યોગ્ય અવેજ ચુકવી ખરીદ કરેલ છે.

અને અમારા અસીલ આ મિલ્કત પર શ્રી નાગરીક સહકારી બેંક લિ.- બાબરામાંથી નાણાંકીય સવલતો મેળવવા માંગે છે અને તે સબંધે અમારી પાસે એન.ઓ.સી./ ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

ઉપરોકત મિલ્કતમાં કોઈ ઈસમ / વ્યકિતનું કે કોઈ નાણાંકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી સંસ્થાનું હિત સમાયેલ હોય કે, ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે, તેના ઉપર બોજો કરવામાં આવેલ હોય તો અથવા કોઈ ઈસમ / વ્યકિતનો લાગભાગ, હક્ક - હિસ્સો તેમજ હિત સમાયેલ હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દીન-૦૭ (સાત) માં લેખિત આધાર પુરાવા સાથે જાણ કરવી. મુદ્દત પૂર્ણ થયે કોઈના કોઈપણ જાતની તકરાર માન્ય રહેશે નહિ અને તેમણે પોતાના તમામ હક્ક હિસ્સા જતા કરેલ છે. તેમ માની અમો ઉપરોકત મિલ્કત ઉપર ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટ આપીશું. અમારા અસીલ બેંક સદર મિલ્કત મોર્ગેજ / ગીરોમાં લેશે અને પોતાનો ચાર્જ ઉભો કરશે. મુદ્દત વિત્યે પાછળથી કોઈના કોઈપણ પ્રકારના વાંધા ચાલશે નહિ, અને જો કરશે તો આ જાહેર નોટિસથી રદ્દ બાતલ ગણાશે. જેની આ જાહેર નોટિસથી લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

**તે અમારા અસીલની સ્પષ્ટ સુચનાથી**

**તારીખ : ૧૭/૦૭/૨૦૨૫**
**સ્થળ : બાબરા**

**સુરેશચંદ્ર બી. તેરૈયા**
**(એડવોકેટ)**


## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૦૦ | ૧૦૬૫ |
| ૨ | શિંગ મોટી | ૮૦૦ | ૧૧૩૭ |
| ૩ | શિંગદાણા | ૧૩૦૦ | ૧૫૨૪ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૧૦૦ | ૧૪૬૪ |
| ૫ | તલ સફેદ | ૧૦૦૦ | ૨૦૭૦ |
| ૬ | તલ કાળા | ૨૦૦૦ | ૩૮૮૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૩૦૦ | ૨૨૫૫ |
| ૮ | બાજરો | ૪૦૧ | ૪૦૧ |
| ૯ | જુવાર | ૩૨૬ | ૭૮૧ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૩૨ | ૫૬૦ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૯૫ | ૫૫૮ |
| ૧૨ | મગ | ૧૨૮૫ | ૧૫૬૫ |
| ૧૩ | અડદ | ૧૧૩૦ | ૧૩૯૧ |
| ૧૪ | ચણા | ૯૦૦ | ૧૧૬૩ |
| ૧૫ | ચણા દેશી | ૧૧૨૬ | ૧૧૨૬ |
| ૧૬ | સફેદ ચણા | ૧૦૨૦ | ૧૧૯૫ |
| ૧૭ | તુવેર | ૧૦૧૦ | ૧૨૮૦ |
| ૧૮ | કપાસ | ૮૯૦ | ૧૬૯૯ |
| ૧૯ | એરંડા | ૧૦૫૦ | ૧૨૫૦ |
| ૨૦ | જીરૂ | ૩૫૦૫ | ૩૫૦૫ |
| ૨૧ | ધાણી | ૯૧૧ | ૧૩૭૦ |
| ૨૨ | અજમા | ૬૫૪ | ૬૫૪ |
| ૨૩ | મેથી | ૮૪૦ | ૯૦૫ |
| ૨૪ | સોયાબીન | ૬૧૦ | ૮૧૨ |
| ૨૫ | કાંગ | ૫૦૦ | ૫૦૦ |

### પાના ૧ ઉપરનું ચાલું
## બાબરાનાં વોર્ડ-૫ માં

લતાવાસીના ધ્યાને આવતા પાલિકા કચેરીમાં બિન અધિકૃત દબાણ હટાવવા રજુઆત થયેલી હતી. પાલિકા દ્વારા વખતોવખત આપેલી નોટીસમાં જણાવ્યા મુજબ દબાણદાર દ્વારા ચમારડી અને અમરેલી રોડની સિમ વિસ્તાર તથા રહેણાંક વિસ્તારમાંથી વરસાદી પાણી સહિતના પાણીના નિકાલ માટેનું વોકળું આવેલું છે તેના ઉપર દબાણ દુર કરવા પાલિકા દ્વારા ફરમાન થયું હતું. પરંતુ દબાણદાર દ્વારા સમય મર્યાદામાં નોટીસો દરમ્યાન યોગ્ય કાર્યવાહી નહી કરતા પાલિકા તંત્ર દ્વારા કામગીરી આગળ વધારી હતી. દબાણ દુર કરતી વખતે પોલીસે ચુસ્ત બંદોબસ્ત જાળવ્યો હતો.

### પાના ૮ ઉપરનું ચાલું
## બાબરાનાં લુણકી ગામનાં સરપંચનાં

ગ્રામ્ય વિસ્તારમાં લાઈટનું કામ કરાવતા હોય. ત્યારે ગ્રામ્ય નાગરિક સંતોષ મકવાણા દ્વારા પાછળનાં ભાગેથી આવી લાકડાના ધોકા વડે અચાનક હુમલો કરી દેતા ગ્રામ્ય લોકો દ્વારા તેમને બાબરા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગે ગ્રામ્ય લોકોમાં જાણ થતા લોકો સરકારી દવાખાને મોટી સંખ્યામાં દોડી આવી અને પોલીસને જાણ કરી હતી.

ઈજાગ્રસ્ત પરેશભાઈ કાળુભાઈ કથીરીયાના પોલીસ નિવેદનમાં જણાવ્યા મુજબ ગ્રામ્ય નાગરિક સંતોષ મનસુખભાઈ મકવાણાએ અચાનક હુમલો કરી અને ગ્રામ પંચાયતનો વેરો નહીં ભરવા મુદ્દે જણાવી જાનથી મારી નાખવા ધમકી આપી હોવાનું સરકારી દવાખાનાના બિસ્તર ઉપરથી પોતાનું નિવેદન જાહેર કરેલ છે.

સ્થાનિક પોલીસના જમાદાર યોગેશભાઈ ડેર દ્વારા ઈજા ગ્રસ્તના નિવેદન આધારે તપાસ કરી વિધિવત ગુન્હો નોંધવા આગળની કાર્યવાહી હાથધરી છે.

### સ્વામીનારાયણ ગુરૂકુળનાં અભિન્ન અંગ સમાન
# સાવરકુંડલા : સ્વામી હરિહરપ્રસાદદાસજીનો અક્ષરવાસ થતાં શોકનો માહોલ છવાયો
### હરિભકતો અને સેવકગણમાં ભારે આઘાત

સાવરકુંડલા, તા. ૧૭

છેલ્લા પાંચ દાયકા કરતાં વધારે સમયથી સાવરકુંડલા શહેરમાં ધર્મ સાથે શિક્ષણ સંસ્કાર સદાચાર અને ચારિત્ર્ય નિર્માણની જયોત પ્રજવલિત કરનાર સ્વામિનારાયણ ગુરૂકુળ સાવરકુંડલાના પ્રકૃતિ, સંગીત અને ધર્મ સાથે અતૂટ નાતો ધરાવતાં પ.પૂ.અ.નિ. સદગુરૂ ગવૈયા સ્વામી હરિહરપ્રસાદદાસજી (ઉમર વર્ષ ૮૦) નો અક્ષરવાસ થતાં સમગ્ર શહેરના હરિભકતો અને સેવક ગણમાં ભારે આઘાત અને દુખની લાગણી પ્રસરી જવા પામી હતી. અ.નિ. સદગુરૂ ગવૈયા સ્વામી હરિહરપ્રસાદદાસજી ભગવાન સ્વામિનારાયણનું સ્મરણ કરતાં અક્ષરનિવાસી થતાં પૂ. સ્વામીજીના અંતિમ સંસ્કાર વિધિ તારીખ ૧૮/૭/૨૫ના રોજ સવારે ૯:૦૦ કલાકે ગઢપુર મુકામે રાખેલ છે. પ. પૂ. સ્વામીજીના અંતિમ દર્શનનો સમય આજરોજ સાંજના સાત સુધીનો હોય હરિભકતો ઠેર ઠેરથી આવતાં જણાય છે. આ આવી પડેલ અસહ્ય દુખની વેળાને સહન કરવાની પરમ કૃપાળુ પરમાત્મા શકિત આપે એવી પ્રાર્થના ભકતગણ દ્વારા કરવામાં આવી રહી છે. પૂ. સ્વામીના અંતિમ દર્શનાર્થે ઠેર ઠેરથી હરિભકતો આવી પહોંચ્યા છે. પૂ. સ્વામીજીના સંત મંડળ પુરાણી સ્વામી વિષ્ણુ પ્રસાદદાસજી, શાસ્ત્રી સ્વામી ભગવત પ્રસાદદાસજી, શાસ્ત્રી સ્વામી હરિપ્રસાદદાસજી, પુજારી સ્વામી મુકુંદ



પ્રસાદદાસજી, પાર્ષદ અનિલભગત, ભંડારી સ્વામી હરિદર્શનદાસજી, શાસ્ત્રી સ્વામી અક્ષર મુકતદાસજી, સાધુ સુવ્રત પ્રસાદદાસજી, સાધુ શુકદેવ પ્રસાદદાસજી, પાર્ષદ નિકુંજભગત, પાર્ષદ વંશભગત, પાર્ષદ શ્રેયભગત સમેત તમામ મંડળ આવી વિકટ અને અસહ્ય દુખ અને આઘાતની લાગણી અનુભવી રહ્યા છે. દેહ નશ્વર હોય છે પરંતુ તેમની તમામ યાદો તેમના સેવાકીય કાર્યો દ્વારા સેવકગણોના હદયમાં સદાય ધબકતી રહેશે.

## અવસાન નોંધ

**બાબરા :** રાજકોટ-બ્રહ્મક્ષત્રિય સ્વ. ખુશાલદાસ કાનજીભાઈ પડિયા વસાવડવાળાનાં પત્ની વસંતબેન (ઉ.વ. ૯૦) તેઓ ગિરીશભાઈ, ભરતભાઈ, દક્ષાબેન જગડ, રશ્મિબેન નિર્મળ, ચંદ્રિકાબેન લીયાનાં માતુશ્રી, જય, વ્રજેશ, નમ્રતા કકૈયાનાં દાદીમાં તથા સ્વ. ગોકળભાઈ, નટુભાઈનાં ભાભી, રૂગનાથભાઈ નથુભાઈ ગરાછનાં પુત્રીનું તા. ૧૬/૭/૨૫ નાં અવસાન થયું છે. તેમની પ્રાર્થના સભા તા. ૧૯/૭/૨૫ સાંજે ૪:૩૦ થી ૬ કલાકે કચ્છી લોહાણા મહાજન વાડી, જુનો મોરબી રોડ, ધોળકિયા સ્કૂલ બાજુ, રાજકોટ ખાતે રાખેલ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૮૦૦ | ૮૩૦ |
| ૨ | ઘઉં લોકવન | ૫૧૭ | ૫૧૭ |
| ૩ | જીરૂ | ૩૧૪૦ | ૩૧૪૦ |
| ૪ | તલ | ૧૩૩૦ | ૧૬૬૧ |
| ૫ | દાણા | ૧૧૯૦ | ૧૧૯૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૫૦ | ૧૧૦૦ |
| ૨ | શીંગ મોટી | ૧૦૩૦ | ૧૧૨૦ |
| ૩ | શીંગ ઉનાળુ | – | ૧૧૨૫ |
| ૪ | શીંગ દાણા | – | ૧૪૦૦ |
| ૫ | તલ સફેદ | ૧૫૦૦ | ૧૮૬૭ |
| ૬ | તલ કાળા | ૩૩૦૦ | ૩૮૪૨ |
| ૭ | જીરૂ | ૩૪૦૦ | ૩૮૭૫ |
| ૮ | કપાસ | ૧૫૦૦ | ૧૬૭૧ |
| ૯ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૧૬ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૫૦ |
| ૧૧ | બાજરો | ૩૩૦ | ૫૧૬ |
| ૧૨ | જુવાર | ૫૦૦ | ૬૯૦ |
| ૧૩ | મગ | ૧૧૦૦ | ૧૩૯૨ |
| ૧૪ | અડદ | ૭૦૦ | ૧૩૦૦ |
| ૧૫ | ચણા | ૧૧૦૦ | ૧૧૬૦ |
| ૧૬ | તુવેર | ૧૦૦૦ | ૧૨૫૧ |
| ૧૭ | એરંડી | ૧૨૦૦ | ૧૨૮૧ |
| ૧૮ | રાય/રાયડો | ૧૦૦૦ | ૧૧૫૦ |
| ૧૯ | સોયાબીન | ૭૦૦ | ૭૪૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૫૭૦ | ૧૬૭૬ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૪૫૦ | ૧૫૬૦ |
| ૩ | મગફળી | ૧૦૪૦ | ૧૦૮૦ |
| ૪ | જીરૂ | ૨૮૧૫ | ૩૬૭૫ |
| ૫ | તલ સફેદ | ૧૫૪૫ | ૧૭૨૫ |
| ૬ | તલ કાળા | ૨૩૩૫ | ૩૭૭૫ |
| ૭ | ઘઉં | ૪૬૫ | ૫૧૫ |
| ૮ | ચણા | ૧૦૧૪ | ૧૧૪૬ |
| ૯ | મગ | ૧૨૫૦ | ૧૪૪૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૪૮૦ |
| ૨ | ઘઉં લોકવન | ૫૨૨ | ૫૩૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૧૬ |
| ૪ | ચણા | ૧૦૨૦ | ૧૧૧૧ |
| ૫ | તલ સફેદ | ૧૧૦૦ | ૧૮૦૦ |
| ૬ | સોયાબીન | ૬૨૦ | ૭૮૫ |
| ૭ | મેથી | ૬૨૦ | ૭૬૫ |
| ૮ | જુવાર | ૫૫૦ | ૫૫૦ |
| ૯ | ધાણા | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ૧૦ | શીંગદાણા | ૧૨૭૦ | ૧૪૦૦ |
| ૧૧ | મગફળી | ૯૯૫ | ૯૯૫ |
| ૧૨ | મગ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૩ | ચણા સફેદ | ૧૧૭૦ | ૧૧૭૦ |
| ૧૪ | અડદ | ૧૧૮૦ | ૧૧૮૦ |
| ૧૫ | બાજરો | ૫૦૩ | ૫૦૩ |
| ૧૬ | શીંગફાડા | ૧૦૮૦ | ૧૩૦૦ |
| ૧૭ | તુવેર | ૧૨૦૦ | ૧૨૪૦ |
| ૧૮ | તલકાળા | ૧૪૦૦ | ૨૬૭૫ |

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીમાં ૩૦ વર્ષ પહેલા

ધરતાં આ આરોપી ૧૮ વર્ષ પહેલાં મરણ ગયેલ હોય અમરેલી પોલીસે આ આરોપીના મરણ ગયેલ અંગેના આધાર પુરાવા મેળવી નાસતા-ફરતા આરોપીના લીસ્ટમાંથી આરોપીનું નામ કમી કરાવતી કરાવવા આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

અમરેલી સીટી પોલીસ સ્ટેશના પોલીસ ઈન્સ. ડી.કે. વાઘેલાની રાહબરી હેઠળ અમરેલી સીટી પોલીસ સર્વેલન્સ ટીમ દ્વારા અમરેલી સીટી પોલીસ સ્ટેશનના સને ૧૯૯૫ના કેસના ઈ.પી.કો.ક. ૪૦૬, ૪૨૦, ૧૧૪, ૫૦૬(૨) મુજબના કામે નાસતા ફરતા રાજકોટ જિલ્લાના ધોરાજી ગામે આવેલ ભુકી ચોકડી પાણીના ટાંકા પાસે રહેતા આરોપી વિરજીભાઈ મોહનભાઈ ઉર્ફે, ભગવાનભાઈ ધામેચા ગા.વા. વાળાની અમરેલી સીટી પોલીસે તપાસ હાથ ધરતાં તે આરોપી ગત તા. ૧૪/૨/૦૭ના રોજ ધોરાજી મુકામે મરણ ગયેલ હોય, તે અંગેના જરૂરી આધાર પુરાવા તેના દિકરા મનોજભાઈ વિરજીભાઈ ધામેચા (રહે.ધોરાજી હાલ રહે.રાજકોટ) પાસેથી આરોપીના મરણના આધાર પુરાવા મેળવી આગળની કામગીરી કરેલ છે. તેમજ અમરેલી જીલ્લાના નાસતા-ફરતા આરોપીના લીસ્ટમાંથી નામ કમી કરાવવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું જીરા ગામમાંથી વ્યાપક પ્રમાણમાં

તાળા અને શાળાઓનો ખાલી પડતો માહોલ, કહી જાય છે કે ગામડાં આજે મહાનગરોની માયાજાળમાં ગ્રામીણ ગામડાઓ ભાંગીને સાવ ભૂક્કો થઈ ગયા હોય તેવો ઘાટ સર્જાયો છે. હવે જીરા ગામની જ વાત કરીએ તો આ ગામના લોકો શહેર તરફ સ્થળાંતર કરવા મજબૂર બન્યા છે. એનું પાયાનું કારણ એ કે અહીં જીવન જ જીવવા યોગ્ય રહ્યું નહોતું. જીરા ગામના વધુ પડતા સ્થાનિકો મહાનગરો તરફ વળ્યા છે. સુરત, અમદાવાદ, રાજકોટ જેવા મોટા શહેરોમાં હવે જીરા ગામના હજારો લોકો સ્થાયી થયા છે. માત્ર સુરત શહેરમાં ૫૫૦૦ જેટલા લોકો વસવાટ કરે છે, જયારે અમદાવાદમાં આશરે ૧૭૦૦ અને રાજકોટમાં ૩૦૦ જેટલા જીરા વાસીઓ ચાલ્યા ગયા છે તો અનેક યુવાઓ રોજગાર માટે મુંબઈ અને અન્ય રાજયોમાં પણ જવા મજબૂર બન્યા છે. જીરા ગામ ખારા પાણીવાળાં વિસ્તારમાં આવેલું છે અને તેથી જ તેને ખારાપાટનું જીરા ગામ ગણાય છે. નર્મદાનું પીવાનું પાણી મળે છે પણ ખેતી બારેમાસ થઈ શકતી નથી. કેમ કે સિંચાઈ માટે કોઈ સરકારની વ્યાપક યોજના નથી અને જમીનમાં ખારાશ વધતા પાક ઊગાડવો મુશ્કેલ બની ગયો છે જેના કારણે ખેડૂતોને મજૂર બનવાની ફરજ પડી છે ને ખેડૂતો સ્થળાંતર કરી ગયા છે. જીરા ગામના મોટાભાગના ઘરોમાં અલીગઢી તાળાઓ લાગ્યા છે.

જીરા ગામની ૩૫૦૦ વીઘા જેટલી જમીન ખેતી હેઠળ હતી જયારે આજે માત્ર ૩૦૦ જેટલા જ ખેડૂતો ખેતી કરે છે, ૧૪૦૦ જેટલા ખેડૂતોના ગામમાં હવે ૮૦% લોકો ખેતી છોડીને અન્ય નોકરી કે ધંધામાં મહાનગરો તરફ ચાલ્યા ગયા છે. જીરા ગામની મુખ્ય શાળા, જયાં ૭૦૦ જેટલા વિદ્યાર્થીઓની ગુંજી શાળામાં આજે માત્ર ૧૪૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જાણે શિક્ષણ વ્યવસ્થા જ તૂટી પડેલી લાગે છે. તો આરોગ્યલક્ષી સુવિધામાં પણ હવે વિચારવું રહ્યું. હાલ સ્થાનિકો કરતા ખેત મજૂર પરપ્રાંતિયની સંખ્યા વધુ હોય તેવો ઘાટ ઘડાયો છે. આ પરપ્રાંતિય લોકો ખેતી ભાગવેરાખીને વાવે છે જીરા ગામનાં મકાનોમાંના ૭૦ ટકા ઘરો બંધ છે. ઘણી જ ગલીઓ એવી છે જયાં લાંબા સમયથી કોઈ રહેતુ ન હોય. ત્યારે માનવ વિહોણું જીરા ગામ કેવું સુનુ ભાસે છે જેની પ્રતિતિ આ સૂના રસ્તા, મંદિરોમાં ઘંટ વાગતાં નથી અને દિવસમાં પણ અંધારૂં લાગતું એવો માહોલ છવાયેલો છે. જેનું મુખ્ય કારણ ખારાપાટ વિસ્તારનું ગામ હોય ને ખેતી બારે માસ થઈ શકતી ન હોય ને માત્ર ચોમાસું ખેતીમાં ખેડૂતોને યોગ્ય ઉપજ ખેતીમાંથી મળતી નથી ને ખેડૂતો પરિવાર સાથે માઈગ્રેશન કરીને મહાનગરો તરફ વળ્યા છે.

સરપંચ દક્ષાબેન ચોડવડિયા જણાવે છે કે, અમે સતત પ્રયત્ન કરીએ છીએ, પણ ગામમાં રહેવા જેવાં સંજોગો જ નથી બચ્યાં. આ દુઃખદ નિવેદન ગામની વાસ્તવિક સ્થિતિ સ્પષ્ટ કરે છે સરસ રીતે વિચારીને જોવામાં આવે, તો હજુ પણ આશાનું કિરણ દેખાય છે. સરપંચ દક્ષાબેનનું કહેવું છે કે, જો પાણીની યોગ્ય વ્યવસ્થા થાય, સિંચાઈ માટે યોજનાબદ્ધ અમલ થાય અને નોકરી માટે સ્થાનિક સ્તરે પગલાં લેવાય, તો જીરા ગામ ફરીથી જીવી શકે. ફરી એ ગોકુળિયા ગ્રામ્યની સોડમ મહેંકી ઉઠે તેવી શકયતાને નકારી શકાય તેમ નથી. તેમની આ વાતમાં હકીકત પણ છે અને આશા પણ છે. પોતાના દ્વારા સૌની યોજના દ્વારા પાણી આપવામાં આવે તેવી માંગ પણ જિલ્લા કક્ષાએ, રાજય કક્ષાએ કરવામાં આવી છે. ત્યારે આ જીરા ગામની આ વ્યથાઓ માત્ર એક ગામની નથી, આવા તો સૌરાષ્ટ્રના અનેક ગામો છે. આ વિસ્તારના અનેક ગામો ખાલી થવાના માર્ગે છે. ખારા પાણી, વરસાદ પર નિર્ભર ખેતી અને રોજગારની અછત એ બધું મળીને ગામડાંને શહેર તરફ ધકેલી રહ્યું છે. આજે જો યોગ્ય કામગીરી નહીં થાય, તો આવાં અનેક ગામડાં કાગળ પર જ જીવતા રહી જશે ને જીરા ગામના ખાલી પડતાં ઘરો અને ઉજળા રસ્તાઓ કોઈ એક પરિવારમાં નહીં, પરંતુ સમગ્ર પ્રજાના વેદનાનું પ્રતિનિધિત્વ કરે છે. આવી પરિસ્થિતિ બદલવી હોય, તો જરૂર છે રાજકીય ઈચ્છાશકિત, સમર્પિત સંસ્થાઓ અને સ્થાનિક ભાગીદારીની. નહીં તો ગામડાંઓની ધબકારા માત્ર યાદગાર કહાણીઓમાં જ રહી જશે. જીરા જેવા ગામ તો સો ટકા વિકસિત ગામ છે, સંપૂર્ણ ગામ સીસીટીવી કેમેરાથી સજજ છે, તમામ ગામના રોડ રસ્તા આરસીસી અને પેવર બ્લોકથી સજ્જ કરવામાં આવ્યા છે, તમામ શેરીના નામ આપવામાં આવેલ છે, રાત્રિના સમયે સ્ટ્રીટ લાઈટો થાય છે, ગામની અંદર પીવા માટેના નળ કનેકશન અને ગટર વ્યવસ્થા પણ મહિલા સરપંચ દ્વારા કરવામાં આવી છે. પરંતુ ગામની મુખ્ય સમસ્યા સિંચાઈ માટેનું પાણી નથી... કઠણાઈ આ સિંચાઈ માટે પાણી ન હોવાની છે. વળી આજુબાજુના વિસ્તારોમાં કોઈ રોજગારીનો સ્ત્રોત ન કોઈ મોટા ઉદ્યોગો ન હોય જેથી આજે ગામડાની નાની નાની ડેલીઓમાં વર્ષો પહેલા સંભળાતા અવાજો લુપ્ત થયેલા જોવા મળે છે. લાખો રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવેલા એક એક વિઘાના મકાનો, એક એક વીઘાની ડેલીઓ આજે સુની અને ભેંકાર ભાસે છે.. સરકારે ગામડાઓ ભાંગતા બચાવવા ઠોસ અને નક્કર પગલા ભરવા પડે તે વાત પણ સ્વીકારવી જ રહી. નહીંતર ગોકૂળ ગામની સંકલ્પના એક પરિકથા જ બની રહેશે.

### અવાર-નવાર પશુઓ ઘુસી જતા હોવાથી

# જાફરાબાદનાં એસ.ટી. પીકઅપ સ્ટેન્ડ ફરતે સેફટી ગાર્ડ લગાવાયા

## પાલિકાનાં શાસકો વિકાસ કાર્ય કરવા લાગ્યા

જાફરાબાદ, તા. ૧૭

જાફરાબાદ ખાતે આવેલ એસટી બસ નું પિકઅપ સેન્ટરમાં અવારનવાર માલઢોર પ્રવેશ કરતા હોવાથી મરમૂત્રર ના ઢગલા જોવા મળી રહ્યાં હતાં આ બાબતની નવ નિયુક્ત પ્રમુખ ના ધ્યાન ઉપર આવતા તેઓ દ્વારા હંગામી ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી અને એસટી બસ પિકઅપ સેન્ટરની ફરતે સેફટી ગાર્ડ લગાડવામાં આવ્યું મુસાફર જનતા દ્વારા નવનિયુક્ત પ્રમુખ શ્રી ને અભિનંદન પાઠવ્યા નાગરિકોની પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં માટે અને વિકાસ કામો માટે દોડતું દોડ કામગીરી બંદર ચોકમાં હાઈમસ ટાવર લગાડીને અંધકાર દૂર કરવામાં આવ્યો તેમજ આઈસીઆઈ બેંક બાજુમાં ટ્રાફિકની સમસ્યા વિકટ હોવાથી અહીં પણ આરસીસી રોડ પાથરી ટ્રાફિક સમસ્યાને દૂર કરવા આવી નાગરિકોની સુખાકારી માટે તત્પર પાલિકા પ્રમુખની કામગીરીને બિરદાવી રહ્યા છે. શહેરના નાગરિકો ઘણા વર્ષોથી આ પિકઅપ સેન્ટરમાં માલઢોર પ્રવેશ અવાર નવાર મરમૂત્રર ના ઢગલા અને ગંદકીના કારણે મુસાફર જનતા બેસી સકતી ન હતી પરંતુ પાલિકા પ્રમુખ દ્વારા મુસાફર જનતા માટે ફરતે સેફટી ગાર્ડ મારવામાં આ પિકઅપ સેન્ટર ભરચક્ક વિસ્તારમાં આવેલ એસટી બસ નું પિંકઅપ સેન્ટર મહત્વની જગ્યા કહીં શકાય કે ત્યાં પંદરમી ઓગસ્ટ હોય કે પછી રાષ્ટ્રીય તહેવાર કે પછી અન્ય તહેવારોની ઉજવણી આ સેફટી ગાર્ડ મારવાથી નાગરિકોની સુખાકારી વધારો કરતા નાગરિકો દ્વારા પાલિકા પ્રમુખ ને અભિનંદન પાઠવવામાં આવ્યા.



# ચાંદગઢ ગામની મુલાકાત લેતા જિલ્લા કલેકટર



અમરેલી, તા. ૧૭

અમરેલી તાલુકા ચાંદગઢ ગામે તા. ૧૬/૭/૨૫ને બુધવારના રોજ કલેકટર વિકલ્પ ભારદ્વાજ પ્રાંત અધિકારી એમ.જી. નાકીયા મામલતદાર એમ.એન. સુખ, તાલુકા વિકાસ અધિકારી જયેશભાઈ કટેશીયા તથા નાયબ મામલતદાર કમલેશભાઈએ મુલાકાત લીધી હતી. ચાંદગઢ ગ્રામ પંચાયત સચિવાલયમાં સૌપ્રથમ કલેકટર સહિત તમામ અધિકારીગણનું ચાંદગઢના ઉપસરપંચ તથા ચાંદગઢ ગામના સભ્યોએ પુષ્પગુચ્છ આપી શાલ ઓઢાડી સન્માન કરેલ. ગામના ઉપસરપંચ જસુભાઈ ખુમાણના જણાવ્યા અનુસાર ૨૦૧૫ના વર્ષના અતિવૃષ્ટિમાં ચાંદગઢ ગ્રામ પંચાયતનું જન્મ-મરણનું રજીસ્ટર નાશ થઈ ગયેલ હોવાથે આ પ્રશ્ને કલેકટર ઘટતુ કરવા તાકીદ કરેલ. ત્યારબાદ પ્રાંત અધિકારી મામલતદાર તથા તાલુકા વિકાસ અધિકારીગણે ચાંદગઢ પ્રાથમિક શાળાની પણ મુલાકાત લીધેલ હતી.

### જિલ્લાનુ ગૌરવ વધારતી ઘટના

# અમરેલીનાં હોમગાર્ડઝ જવાનોએ કમાન્ડરની પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરી

## જિલ્લા કમાન્ડર રોહિત મહેતાએ શુભેચ્છા પાઠવી


અમરેલી, તા. ૧૭

રાજય કક્ષા સુંઢિયા ખાતે કંપની કમાન્ડર અને ડીવીઝનલ કમાન્ડર પરીક્ષા ખૂબ જ સફળતાપૂર્વક પાસ કરીને અમરેલી જિલ્લાનું નામ રોશન કરનાર અધિકારી અરવિંદભાઈ બારૈયા (ડિવિઝનલ કમાન્ડર ડીસી) ઓફિસર કમાન્ડીગ જાફરાબાદ, તથા અમિતગીરી ગોસ્વામી (કંપની કમાન્ડર) સ્ટાફ ઓફિસર (જનસંપર્ક) અમરેલી જિલ્લા તથા તુષાર જોષી (કંપની કમાન્ડર) ઓફિસર કમાન્ડીગ બગસરા તથા હેમાશુ ભટ્ટ (કંપની કમાન્ડર) સાવરકુંડલાનાઓ રેન્ક ટેસ્ટ



પરીક્ષામાં જવલંત સફળતા બદલ અધિકારીઓને તથા જવાનોને જિલ્લા કમાન્ડન્ટ રોહિત મહેતા તથા તમામ સ્ટાફ ઓફિસર તથા જિલ્લા કંટ્રોલ સ્ટાફ તથા જિલ્લા કચેરી સ્ટાફ તમામ યુનિટ અધિકારીઓ અને જિલ્લાના હોમગાર્ડ જવાન ભાઈ બહેનો ખૂબ ખૂબ અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવે છે યાદી જણાવેલ શરદ સાપરીયા (ઓ.સી-લીલીયા).

# સાવકુંડલા ખાતે યોજાયેલ પ્રવેશોત્સવ અને સફાઈ અભિયાન



સાવકુંડલા, તા. ૧૭

સાવરકુંડલા સ્થિત વિ.ડી. કાણકીય આર્ટ્સ અને એમ.આર. સંઘવી કોમર્સ કોલેજ ખાતે બી.એ., બી.કોમ. પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવવા વિદ્યાર્થીઓના સ્વાગત માટે પ્રવેશોત્સવ યોજાયો.

કાણકીયા કોલેજ ખાતે ચાલુ વર્ષે એડમિશન મેળવનાર વિદ્યાર્થીઓને આવકારવા માટે આ પ્રવેશોત્સવનું આયોજન થયું. જેમાં કોલેજના આચાર્ય ડો. રવૈયા દ્વારા કોલેજની સ્થાપનાથી શરૂ કરી અને તેની સિધ્ધિઓ તથા ૫૩ વર્ષમાં અસંખ્ય વિદ્યાર્થીઓ ઘડતર પામી અને સફળતાની કેડી કંડારી વગેરે સહિતની અનેક બાબતો વિદ્યાર્થીઓ સમક્ષ મુકવામાં આવી. ઉપરાતં આચાર્યએ કોલેજના નિયમો અને અભ્યાસ તેમજ અભ્યાસ-સહની અનેકવિધ પ્રવૃતિઓ અંગે માર્ગદર્શન કર્યુ. કોલેજના શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક સ્ટાફે પોતાના પરિચયની સાથે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કોમર્સ વિભાગના ફેકલ્ટી ડો. કલ્પેશભાઈ રાડિયા દ્વારા કરવામાં આવ્યુ હતું.

એક તરફ કોલેજનાં નવા પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના પ્રવેશોત્સવનો કાર્યક્રમ અને બીજી તરફ દ્વિતીય અને તૃતિય વર્ષના વિદ્યાર્થીઓ કે જેમા જેઓ એન.સીસી., એન.એસ.એસ. તથા રેડક્રોસ કલબમાં જોડાયેલા વિદ્યાર્થીઓ દ્વારા આખી કોલેજન કેમ્પસની સફાઈનું એક અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતું. એન.એસ.એસ.ના પૂર્વ પ્રોગ્રામ ઓફિસર ડો. અર્જુનસિંહ પરમાર તથા હાલના પ્રોગ્રામ ઓફિસર ડો. આશિષભાઈ ચૌહાણ તથા એન.સી.સી.ના લેફટનન્ટ ડો. લલીતભાઈ ચૌહાણ વગેરે અધ્યાપકોની દેખરેખમાં આ સફાળ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. કાર્યક્રમનાં અંતે તમામ વિદ્યાર્થીઓ માટે અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી. બંને કાર્યક્રમની સફળતા માટે તમામ અધ્યાપકોએ ખાસ જહેમત ઉઠાવી હતી.

# બગસરા : મેઘાણી હાઈસ્કુલનાં ૧૪૫ કેડેટ જુનાગઢ કેમ્પમાં જોડાયા



બગસરા, તા. ૧૭

મેઘાણી હાઈસ્કુલ બગસરા ખાતે ચાલતા એન.સી.સી. પ્રવૃત્તિમાંથી કુલ ૧૪૫ કેડેટ જુનાગઢ મુકામે ઈઅઝઈ કેમ્પમાં જઈ રહ્યા છે જેમાં ડ્રીલ રમત ગમત લે આઉટ રાયફલ શૂટિંગ જેવી અનેક પ્રવૃત્તિ કરવામાં આવશે અને જીવન જીવવાની કળા શીખવવામાં આવશે આ તકે તેમની સાથે એન.સી.સી. ઓફિસર એમ.જે. ડોડીયા અને એમ.ડી. રાઠોડ થઈ રહ્યા છે તમામ વિદ્યાર્થીનીઓ તથા વિદ્યાર્થીઓને શાળાના આચાર્ય વી.કે. જેઠવાએ ખાસ હાઈસ્કુલનું નામ રોશન કરો એવી શુભેચ્છાઓ આપી હતી.

# અમરેલી : પીસી-પી.એન.ડી.ટી એકટ-૧૯૯૪ જિલ્લા સલાહકાર સમિતિની બેઠક યોજાઈ



અમરેલી, તા. ૧૭

પીસી-પી-એન.ડી.ટી એકટ-૧૯૯૪ અન્વયે અમરેલી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીના અધ્યક્ષ સ્થાને સલાહકાર સમિતિના બેઠક યોજાઈ હતી.

અમરેલી જિલ્લા પંચાયત આરોગ્ય શાખા ખાતે યોજાયેલી આ બેડકમાં બાકી હોય તેવી કાર્યવાહીની વિગતો મેળવી તે અંગે ઘટતું થાય અને તે માટે કામગીરી હાથ ધરવામાં આવે અને પી.એન.ડી.ટી એકટ-૧૯૯૪ અંગેના અમલીકરણ બાબતે ચર્ચા કરવામાં આવી હતી. નવા રજિસ્ટ્રેશનને બહાલી આપવામાં આવી હતી.

બેઠકમાં તાલુકા વાઈઝ વિવિધ મુદ્દે સમીક્ષા કરવામાં આવી હતી. મહત્વનું છે કે પીસી-પી.એન.ડી.ટી એકટ-૧૯૯૪ અંતર્ગત, સ્ત્રી ભૃણ ગર્ભ પરિક્ષણ અને તે સાથે આવા બિનઅધિકૃત કૃત્યો પણ પ્રતિબંધિત છે. જે અન્વયે કડક કાર્યવાહી કરવા સહિતની જોગવાઈ છે. સમાજમાં દિકરીઓની સંખ્યા વધે તે માટે તાલુકા કક્ષાએ જનજાગૃતિના કાર્યકમોનું આયોજન હાથ ધરવા અને દરેક રજિસ્ટર્ડ કિલનિકનું વેરિફિકેશન કરવા સુચના આપવામાં આવી છે.

બેઠકમાં ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (આઈ.એમ.એ.) અમરેલીના પ્રમુખ ડો. ગજેરા, પીસી-પી.એન.ડી.ટી એકટ-૧૯૯૪ અન્વયે અમરેલી જિલ્લા સલાહકાર સમિતિના સભ્યઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલામાં ભાતીગળ ભારત અંતર્ગત ''વેશભૂષા'' કાર્યક્રમ યોજાયો



સાવરકુંડલા, તા. ૧૭

એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલ સાવરકુંડલા મુકામે ''ભાતીગળ ભારત'' અંતર્ગત વિવિધ પ્રાંતોની વેશભૂષાઓનો કાર્યક્રમ યોજાયો. જેમાં શાળાની દીકરીઓએ પોતાના અભ્યાસક્રમને અનુલક્ષીને વિવિધ પ્રાંતોની વેશભૂષા પ્રસ્તુત કરી જેમાં ગુજરાતી, કચ્છી, મરાઠી, ઉડિયા, આસામી, બંગાળી, કાશ્મીરી, રાજસ્થાની, તમિલ, પંજાબી, જેવા દરેક પ્રદેશોની વેશભૂષા સાથે દીકરીઓએ ખુબ સરસ પ્રસ્તુતિ રજૂ કરી, દરેક પ્રાંતની પ્રાદેશિક ભાષામાં સ્ટેજ પર દરેક વિદ્યાર્થીનીઓની રજૂઆત શ્રેષ્ઠ રહી હતી. વિવિધતામાં એકતા સાથે અખંડ ભારતનું દર્શન વિદ્યાર્થીઓની કૃતિ દ્વારા જોવા મળ્યું હતું. સામાજિક વિજ્ઞાનના શિક્ષક ભરતભાઈ બાવળીયાએ વિદ્યાર્થીની બહેનોને આ કૃતિઓ તૈયાર કરવી હતી. તેમજ તેમને સહાયક બહેનોની ટીમ દ્વારા તૈયાર કરાવેલ ઉપરોકત કાર્યક્રમને આચાર્યા ઉષાબેન તેરૈયા દ્વારા ખૂબ શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. તેમજ દરેક વિદ્યાર્થીની બહેનોને પણ આવા સુંદર રજૂઆત બદલ ખુબ ખુબ અભિનંદન સાથે પોતાના વકતવ્યમાં ભારતની અખંડિતતા અને વિવિધ પ્રાંતોની વિવિધતાની સરસ સમજૂતી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના શિક્ષક મેહુલભાઈ મહેતાએ કર્યુ હતું, તેમજ કાર્યક્રમને સફળ બનાવવા શાળાના તમામ સ્ટાફ ભાઈઓ-બહેનોએ સાથ સહકાર આપ્યો હતો એમ રવિભાઈ જોષીની એક યાદીમાં જણાવાયું હતું.

### યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનાં ઉપક્રમે

# અમરેલી જિલ્લામાં આગામી દિવસોમાં નવરાત્રી રાસ ગરબા સ્પર્ધા યોજાશે

## સંસ્થા, મંડળોએ ૫ ઓગસ્ટ સુધીમાં પ્રવેશપત્ર મોકલવા

અમરેલી, તા. ૧૭

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગરના ઉપક્રમે અમરેલી જિલ્લા યુવા વિકાસ અધિકારી અને અમરેલી જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ કચેરી સંચાલિત જિલ્લાકક્ષા નવરાત્રી રાસ ગરબા સ્પર્ધાનું આયોજન આગામી સમયમાં થશે.

જિલ્લાકક્ષાએ રાસ, પ્રાચીન ગરબા, અર્વાચીન ગરબા વિભાગની સ્પર્ધાઓ યોજાશે. સ્પર્ધામાં ત્રણેય વિભાગમાં પ્રથમ નંબરે આવનાર વૃંદ રાજયકક્ષાએ અમરેલી જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

રાસ, પ્રાચીન અને અર્વાચીન ગરબા સ્પર્ધામાં ભાગ લેવા માંગતી સંસ્થા, મંડળોએ કચેરીના બ્લોગ એડ્રેસ dydoamreli.blogspot.com પરથી અથવા કચેરી પરથી પ્રવેશપત્ર મેળવી લેવા. પ્રાચીન અને અર્વાચીન ગરબા માટે ૧૪ થી ૩૫ વર્ષની વયમર્યાદા છે. રાસ સ્પર્ધામાં ૧૪ થી ૪૦ વર્ષની વયમર્યાદા ધરાવતા કલાકારો ભાગ લઈ શકશે. સંસ્થા, મંડળોએ પોતાનું પ્રવેશપત્ર તૈયાર કરી ઉંમરનો આધાર પુરાવા (આધારકાર્ડ, જન્મ તારીખનો દાખલો), પોતાનું નામ, સરનામું, મોબાઈલ નંબર વગેરે જેવી બાબતોનો ઉલ્લેખ કરવો.

પ્રવેશપત્ર તા.૫/૮/૨૦૨૫ બપોરના ૧૨ વાગ્યા સુધીમાં જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ કચેરી, બહુમાળી ભવન, બ્લોક સી, રૂમ નં. ૧૧૦, ૧૧૧, પ્રથમ માળ, અમરેલી પિન ૩૬૫૬૦૧ને મોકલવા.

વધુ વિગતો માટે કચેરી ફોન નં. (૦૨૭૯૨) ૨૨૩૬૩૦ પર સંપર્ક કરવા અમરેલી જિલ્લા યુવા વિકાસ અધિકારીએ એક યાદીમાં જણાવ્યુ છે.

### બાવાજી સમાજનાં અગ્રણીએ મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો

# સાધુનાં વેશમાં ભિક્ષા માંગી રહેલા નકલી બાવાજી, સાધુઓની ઓળખ મેળવો

## ઉતરાખંડ સરકારે કરેલ કામગીરીનું અનુકરણ કરવુ જરૂરી

અમરેલી, તા. ૧૭

ગુજરાત સરકારને સમસ્ત બાવાજી સમાજના અગ્રણી અતુલપુરીએ પત્ર લખ્યો છે કે ગુજરાત રાજયમાં ઉત્તરાખંડ સરકારની જેમ ઓપરેશન કાળનેમી ચલાવી બાવાજી કે સાધુઓના વેશમાં ભીખ માંગતા નકલી બાવાજી સાધુઓને પકડી જેલ હવાલે કરે. અત્યારે હાલમાં ઉત્તરાખંડ સરકાર આખા રાજયમાં ઓપરેશન કાળનેમી ચલાવી રહી છે. સાધુના વેશમાં ભીક્ષા માંગી રહેલા નકલી બાવાજી સાધુઓને પકડીને આધાર કાર્ડ કે અન્ય ઓળખ પત્રો માંગવા જનતાને જણાવ્યું છે. જયારે ઉત્તરાખંડ સરકારે આ અભિયાન ચલાવ્યું છે. ત્યારે બાવાજી કે સાધુઓના વેશમાં ભીખ માંગનારાઓ હજારોની સંખ્યામાં બાંગ્લાદેશ, પાકિસ્તાન, મ્યાનમાર જેવા અનેક દેશોમાંથી ભારતમાં ઘુસપેઠ કરી ચોરી છુપી રીતે રહે છે. અને ઉત્તરાખંડની ધર્મપ્રેમી જનતાને લુંટી રહ્યા છે. આવા ઘુસપેઠીયાઓ ભારતમાં સુરક્ષિત તો છે સાથે સાથે ધર્મના નામે જનતાને લુંટી અને એજ ધર્મના લોકો વિરૂધ્ધ ષડયંત્રો કરે છે. આ વિષય ખુબ જ ગંભીર છે. ભારતના લોકો માટે ખુબ જ મોટો ખતરો પણ છે. માટે ગુજરાતના સમસ્ત બાવાજી સમાજના અગ્રણી અતુલપુરીએ વિરોધ કર્યો છે કારણ કે બાવાજીની વેશભૂષા ધારણ કરીને ભોળી જનતાને લુંટી રહ્યા છે અને બદનામ આખો બાવાજી સમાજ થાય છે. આવા ખોટા અને લુખ્ખાઓના કારણે સાચા લોકોને પણ ભોગવવુ ના પડે એટલે સરકાર આવા ખોટા બની બેઠેલા બાવાજીના વેશધારીઓ ઘુસપેઠીયાઓને પકડે અને જેલ ભેગા કરે જેથી લોકોનો ધર્મ ઉપરથી ભરોસો ઊઠે નહી.

### જાગૃત નાગરિકે ૧૮૧ અભયમની મદદ મેળવતા

# પરિવારજનોને છોડીને ઘરેથી નિકળી ગયેલ યુવતીનુ પરિવારજનો સાથે પુનઃમિલન

## યુવતીનાં ભાઈએ મદદ કરનારનો આભાર માન્યો



અમરેલી, તા. ૧૭

બગસરા પંથકથી જાગૃત નાગરીકે રાત્રી ના સમયે ૧૮૧ મહિલા હેલ્પલાઇન પર ફોન કરી જણાવેલ કે એક માનસિક અસ્વસ્થ લાગતી યુવતી લાંબા સમય થી અહી એકલી બેઠી છે જેની મદદ માટે ૧૮૧ મહિલા હેલ્પલાઇનની ટીમની જરૂર છે.

જેના પગલે ૧૮૧ અભીયમ મહિલા હેલપલાઇનના કાઉન્સિલર પૂનમ ભુવા અને મહિલા જી.આર. ડી. વનીતાબેન તથા પાયલોટ સંજયભાઈ ઘટના સ્થળ પર પહોચ્યા હતા જયા હાજર રહેલ જાગૃત નાગરિકે યુવતી ને સુરક્ષિત જગ્યાએ બેસાડી રાખેલ હતી ત્યારબાદ ૧૮૧ મહિલા હેલપલાઇન ની ટીમે યુવતી સાથે વાત ચીત કરી અને વાત ચીત કરતા યુવતી એ જણાવેલું કે તેને ઘર ના સભ્યો તેણીને વારંવાર ખીજાતા હોવાથી તે ઘરે થી એકલી નીકળી ગઈ છે.

યુવતી સાથે વધારે વાતચીત કરતા તેણીએ જણાવેલ કે તેઓ મપ્રય પ્રદેશ ના વતની છે અને અહી તેના ભાઈ અને ભાભી સાથે રહે છે અને વાડી મા મજૂરી કામ કરે છે.

ત્યારબાદ યુવતીને સુરક્ષીત તેના પરિવાર સુંધી પહોંચાડવા સારૂ તેઓના સરનામા અંગેતેણીને પુછપરછ કરેલ પરંતુ તેણીને તેનું સરનામ કે ગામનું નામ કે કોઈ સંપર્ક નંબર યાદ ન હતા જેથી યુવતી એ જણાવેલ માહિતી અનુસાર જાગૃત નાગરિકની મદદ થી આજુ બાજુના ગામોમા વાડી વિસ્તારમાં તપાસ કરાવતા યુવતીના પરિવાર સાથે સંપર્ક થયેલ અને તેમની સાથે વાતચીત કરતા યુવતી ના ભાઈ જણાવેલું કે તે યુવતી તેની બહેન છે અને ગઈકાલ રાત થી ઘરે થી નીકળી ગયેલ છે અને તેઓ પણ યુવતી ની શોધખોળ કરતાં હતા.

બાદ યુવતીનાં ભાઈને તેણી હાલ જે સમયે છે તેનું સરનામું આપી તાત્કાલીક યુવતીને લેવા માટે બોલાવેલ જેથી થોડી વારમાં યુવતીના ભાઈ યુવતી ને લેવા માટે ઘટના સ્થળ પર આવેલ જયાં મળી આવેલ યુવતી તેઓની બહેન છે તે બાબત ની ખાત્રી કર્યા બાદ યુવતી અને તેના ભાઈનું યોગ્ય કાઉંસીલીંગ કરી યુવતીનું પ્રયાન રાખવા તેમજ યોગ્ય સારવાર કરાવવાનું સૂચન કરેલ અને યુવતી ને સુરક્ષિત તેના પરિવાર ને સોંપેલ અને સમગ્ર બનાવ અંગે જાણ અને મદદ કરનાર જાગૃત નાગરિકનો અને ૧૮૧ મહિલા હેલ્પલાઈન ટીમ નો આભાર વ્યક્ત કરેલ. વનીતાબેન તથા પાયલોટ સંજયભાઇ ઘટના સ્થળ પર પહોચ્યા હતા જયા હાજર રહેલ જાગૃત નાગરિકે યુવતી ને સુરક્ષિત જગ્યાએ બેસાડી રાખેલ હતી ત્યારબાદ ૧૮૧ મહિલા હેલપલાઇનની ટીમે યુવતી સાથે વાત ચીત કરી અને વાત ચીત કરતા યુવતી એ જણાવેલું કે તેને ઘર ના સભ્યો તેણીને વારંવાર ખીજાતા હોવાથી તે ઘરે થી એકલી નીકળી ગઈ છે.યુવતી સાથે વધારે વાતચીત કરતા તેણીએ જણાવેલ કે તેઓ મધ્ય પ્રદેશના વતની છે અને અહી તેના ભાઈ અને ભાભી સાથે રહે છે અને વાડી મા મજૂરી કામ કરે છે.

ત્યારબાદ યુવતીને સુરક્ષીત તેના પરિવાર સુંધી પહોંચાડવા સારૂ તેઓના સરનામા અંગેતેણીને પુછપરછ કરેલ પરંતુ તેણીને તેનું સરનામ કે ગામનું નામ કે કોઈ સંપર્ક નંબર યાદ ન હતા જેથી યુવતી એ જણાવેલ માહિતી અનુસાર જાગૃત નાગરિકની મદદથી આજુ બાજુ ના ગામોમા વાડી વિસ્તારમાં મા તપાસ કરાવતા યુવતી ના પરિવાર સાથે સંપર્ક થયેલ અને તેમની સાથે વાતચીત કરતા યુવતી ના ભાઈ જણાવેલું કે તે યુવતી તેની બહેન છે અને ગઈકાલ રાત થી ઘરે થી નીકળી ગયેલ છે અને તેઓ પણ યુવતી ની શોધખોળ કરતાં હતા.

બાદ યુવતીનાં ભાઈને તેણી હાલ જે સમયે છે તેનું સરનામું આપી તાત્કાલીક યુવતીને લેવા માટે બોલાવેલ જેથી થોડી વારમાં યુવતીના ભાઈ યુવતી ને લેવા માટે ઘટના સ્થળ પર આવેલ જયાં મળી આવેલ યુવતી તેઓની બહેન છે તે બાબત ની ખાત્રી કર્યા બાદ યુવતી અને તેના ભાઈનું યોગ્ય કાઉંસીલીંગ કરી યુવતીનું પ્રયાન રાખવા તેમજ યોગ્ય સારવાર કરાવવાનું સૂચન કરેલ અને યુવતી ને સુરક્ષિત તેના પરિવારને સોંપેલ અને સમગ્ર બનાવ અંગે જાણ અને મદદ કરનાર જાગૃત નાગરિકનો અને ૧૮૧ મહિલા હેલ્પલાઈન ટીમનો આભાર વ્યક્ત કરેલ.

શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત
શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ
ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧, મો. ૯૩૧૩૪ ૮૦૮૦૧
પ્રવેશની છેલ્લી ઉત્તમ તક...
F.Y.B.Com. SEMESTER-1
S.Y.B.Com. SEMESTER-III
T.Y.B.Com. SEMESTER-V
M.Com. SEMESTER-1
પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીએ https://gcas.gujgov.edu.in પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.
વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક સવારનાં ૮:૦૦ થી ૧૨:૩૦ સુધી
સંપર્ક નંબર
મો. ૯૪૨૬૨ ૪૩૨૫૦
મો. ૯૯૯૮૫ ૨૬૮૦૮

હવે.. બદલાશે સારવારની પરીભાષા
અમરેલીમાં એકમાત્ર રેગ્યુલર યુરોલોજીસ્ટ ધરાવતી હોસ્પિટલ

કિડનીના રોગો, પથરીના ઓપરેશન,પ્રોસ્ટેટના ઓપરેશન અને સારવાર, સુન્નતના ઓપરેશન, પુરૂષોમાં વ્યંધ્યત્વ અને સેક્સ સંબંધીત સમસ્યાઓનું નિરાકરણ
લેબોરેટરી, ડીઝીટલ એક્સ-રે, મેડિકલ સુવિધા રાહતદરે
આયુષ્યમાન ભારત યોજના દ્વારા મફત સારવાર ઉપલબ્ધ
કિડની, મુત્રમાર્ગ, પ્રોસ્ટેટ અને પથરીના સુપર સ્પેશ્યાલિટ
ડો.નીત ચોટાઇ
MBBS, M.S., Dr NB (Urology)
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦



## એક સમયે ૧૦ હજારની જનસંખ્યા ધરાવતાં ગામમાં આજે માત્ર ૧ હજારની જનસંખ્યા

# ઈતના સન્નાટા ક્યુ હે ભાઈ : જીરા ગામમાંથી વ્યાપક પ્રમાણમાં સ્થળાંતર

**એક સમયે ગ્રામ્ય જીવનથી ધબકતાં ગામમાં આજે ગલીઓ અને રહેણાંક મકાન સુમસામ ભાસી રહ્યા છે**

**સિંચાઈ, વીજળી, શિક્ષણ, આરોગ્ય, રોજગારી જેવી સુવિધાનાં અભાવે ગ્રામજનો મહાનગરો તરફ સ્થળાંતર કરી ગયા**

**ગોકુળિયા ગામની યોજનાની માત્ર જાહેરાતો થઈ ને ગામને ગોકુળ જેવું ન બનાવાયું**

**જો સરકાર તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવે તો ગામ પુનઃ ધબકતું થાય તેવું સરપંચ માની રહ્યા છે**




સાવરકુંડલા, તા. ૧૭

ગ્રામીણ વિકાસની વાતો કરતી સરકારે આવા ગામડાનો સઘન અભ્યાસ કરી ગ્રામોધ્ધાર માટે કોઈ ઠોસ કદમ ઉઠાવવા જોઈએ. હા, સરકાર દ્વારા ગ્રામીણ ગામડાઓના વિકાસની વાતો કરે છે પણ ગામડાઓની વાસ્તવિકતાઓ આખી અલગ ઊડીને આંખે વળગે તેવી છે ને ગ્રામીણ ગામડાઓ ખાલી થઈ રહ્યા છે ને મોટાભાગે ગામડાઓમાં ૧૦ ટકા વસ્તીઓ રહી છે. જયારે મોટાભાગે લોકો માઈગ્રેશન (હિજરત) કરીને મહાનગરો તરફ વળ્યા છે.

સાવરકુંડલા તાલુકાનું જીરા ગામ જયાં હંમેશા લોકોની ચહલપહલ સાથે ગામડાઓનો ધબકારા ગામની શેરીઓ અને ગામના ચોરે સાંભળાતા હતા પણ આજે નીરવતા અને શૂન્યતાનો અનુભવ કરાવે છે. ત્યારે ગામડાઓમાંથી મહાનગરો તરફ થઈ રહેલા આ સ્થળાંતરને કેમ રોકવું એ પ્રત્યે સરકારે ઊંડુ મનન ચિંતન કરીને કોઈ ઠોસ યોજના બનાવી ગ્રામ્ય સંસ્કૃતિની એ મીઠાશ અને એ સાતત્યપૂર્ણ જીવનને કેમ ધબકતું કરવું એ વિશે સક્રિય રીતે વિચારવાની અત્યંત આવશ્યકતા છે.

જીરા ગામમાં ૧૦,૦૦૦થી વધુ લોકોનો વસવાટ હતો આજે ત્યાંની વસતિ લગભગ ૧૦ ટકા જેટલી પણ રહી નથી....

ગામના રસ્તાઓ, ઘરોનાં

**અનુસંધાન પાના ૬ ઉપર**

ફરસાણ • ખમણ • મીઠાઈ

શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

### બાકી વેરો ભરવાનું કહેતાં આરોપી વ્યક્તિ ગુસ્સે થયા

# બાબરાનાં લુણકી ગામનાં સરપંચનાં પતિ પરેશભાઈ કથીરીયા ઉપર ધોકા વડે હુમલો

### સરપંચ પતિને સરકારી દવાખાને સારવારમાં ખસેડાયા


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૬

બાબરા તાલુકાના લુણકી ગામે મોડી સાંજે મહિલા સરપંચના પતિ ઉપર ધોકા વડે હુમલો થતા બાબરા સારવાર હેઠળ લવાયા છે અને બનાવના પગલે મોટી સંખ્યામાં લુણકી ગામના ગ્રામજનો અને પાટીદાર સમાજના અગ્રણીઓ અને સ્થાનિક રાજકીય આગેવાનો સિવિલ હોસ્પિટલ દોડી આવ્યા છે.

મળતી વિગત મુજબ બાબરાના લુણકી ગામે મહિલા સરપંચના પતિ પરેશભાઈ કાળુભાઈ કથીરીયા

**અનુસંધાન પાના ૬ ઉપર**

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪




શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
શ્યામ કેટરર્સ
The King of catering service
સ્પે. ગુજરાતી થાળી
અરજણભાઈ પટેલ
મો.૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો.૯૬૮૭૦ ૭૭૨૯૫


શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
અને શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે. બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
Mo.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી - ૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

## જીગરજાન મિત્રને ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ



### સ્વ. પ્રકાશભાઈ જયસુખભાઈ પોકીયા

સવંત ૨૦૮૧ અષાઢ વદ ૧ ને શુક્રવાર, સ્વ.તા.૧૧-૦૭-૨૦૨૫, મુ. બાબરા

બિછડા કુછ ઈસ અદા સે, કિ ઋત હી બદલ ગઈ, વો શખ્સ હમારે દિલ કો વિરાન કર ગયા.
ભાઈ પ્રકાશ, તારી દિલેરી, જોશ, સ્નેહ, જિંદાદીલી અને ઉદારતા કેમ ભુલાય ?
ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ. પ્રભુ તારા દિવ્ય આત્માને શાંતિ અપે એજ પ્રાર્થના...

લી.

કિરણભાઈ સોલંકી
રાજભા વાઘેલા
ડી.કે.પરમાર
વિજયસિંહ ચારડીયા
ભારતભાઈ મકવાણા

મુ.બાબરા, તા.બાબરા, જિ. અમરેલી.

*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)